॥ હરિઃૐ ॥



પૂજ્ય શ્રીમોટા વિરચિત

# પ્રાર્થના પોથી

॥ હરિઃૐ ॥



# પૂજ્ય શ્રીમોટાનું અભય વચન

'જે લોકો મને જાણે છે અને મળ્યા છે, અને જે લોકોએ મને કદીયે જોયો નથી કે જાણ્યો નથી, એવા બધાને મારું વચન છે કે, તમે મને દિલથી પ્રેમપૂર્વક યાદ કરશો તો હું તમને અણીના સમયે આ શરીર હોવા છતાં જે હું મદદ કરી શકું તેના કરતાં પણ વધારે સારી મદદ પરોક્ષ રીતે જરૂર કરીશ.'

— મોટા

॥ હરિઃ ૐ ॥



## પૂજ્ય શ્રીમોટા

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮**
ભાદરવા વદ ચોથ, શનિવાર
વિક્રમ સંવત ૧૯૫૪
સાવલી, જિ. વડોદરા

**દેહત્યાગ : તા. ૨૩-૭-૧૯૭૬**
અષાઢ વદ એકાદશી, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૩૨
ફાજલપુર, જિ. વડોદરા

# પ્રાર્થનાપોથી

**સદ્‌ગુરુ તો ન વ્યક્તિ છે, સદ્‌ગુરુ સ્થૂળ રૂપ ના,**
**સ્થાનવાચક તો પોતે સદ્‌ગુરુ ક્યાંય છે જ ના.**

**— શ્રીમોટા**

**પૂજ્ય શ્રીમોટાનો ૮૦મો નિર્ગુણ સાક્ષાત્કાર દિન**
**રામનવમી મિલન સમારંભ**
**રવિવાર, તા. ૨૫-૩-૨૦૧૮, સુરત**

---

**યજમાનશ્રી કમળાબેન ત્રિભોવનદાસ જોષી**
**તેમજ સમસ્ત જોષી પરિવાર, ચલથાણ, સુરત**

**: નિમંત્રક :**
**હૃદયસ્થ શ્રી મનસુખભાઈ ત્રિભોવનદાસ જોષી**
**શ્રી ગિરધરભાઈ જોષી, શ્રી ઈચ્છાશંકર જોષી**
**શ્રી શિવલાલ જોષી શ્રી કાંતિલાલ જોષી,**
**શ્રી કિરીટ જોષી તેમજ સમગ્ર પરિવાર**

❖ શુભેચ્છક ❖

શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યા
શ્રી રાજેન્દ્રભાઈ બચુભાઈ રાવલ
શ્રી પ્રદિપભાઈ પરીખ
શ્રી પ્રભુદાસભાઈ જાની
શ્રી કિશોરભાઈ જોષી

❒

**પ્રાપ્તિસ્થાન**
હરિઃ ૐ આશ્રમ, સુરત-૩૯૫૦૦૫
હરિઃ ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭૦૦૧

# અનુક્રમ


| ક્રમ | શિર્ષક | પાનું |
|---|---|---|
| ૧. | ગુરુસ્તોત્ર | ૧ |
| ૨. | હરિસ્તવન | ૪ |
| ૩. | મોટા ચરણે | ૬ |
| ૪. | હરિને ભજતાં | ૧૨ |
| ૫. | આરતી | ૧૩ |
| ૬. | પ્રભુ, શરણ ચરણમાં રાખો રે... | ૧૫ |
| ૭. | મોટા, મુજથી ના વીસરાયે | ૧૬ |
| ૮. | ઊંચી મેડી તે મારા સંતની રે...! | ૧૭ |
| ૯. | હરિ ! હું શું કરું રે ? | ૧૮ |
| ૧૦. | ગાયત્રીમંત્ર (અર્થભાવના-સૂર્યપ્રાર્થના) | ૧૯ |
| ૧૧. | શાંતિ-કલ્યાણ યજ્ઞવિધિ | ૨૦ |
| ૧૨. | અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના | ૨૦ |
| ૧૩. | અગ્નિને પ્રાર્થના | ૨૧ |
| ૧૪. | વિવિધ આહુતિ મંત્ર | ૨૧ |
| ૧૫. | યજ્ઞ પૂર્ણાહુતિ મંત્ર | ૨૩ |
| ૧૬. | યજ્ઞ-મંગલભાવના | ૨૪ |
| ૧૭. | ખાતમુહૂર્ત : મંગળ પ્રાર્થના | ૨૬ |
| ૧૮. | કુટુંબની ગૃહપ્રવેશની પ્રાર્થના | ૨૭ |
| ૧૯. | વેપારીએ કરવાની પ્રાર્થના | ૩૦ |
| ૨૦. | વેપારી પેઢીની ઉદ્‌ઘાટન પ્રસંગની પ્રાર્થના | ૩૧ |
| ૨૧. | વેપાર ધંધાના પ્રારંભે રાખવાની ભાવના | ૩૨ |
| ૨૨. | યંત્ર ઉદ્યોગની ઉદ્‌ઘાટન વિધિ | ૩૪ |
| ૨૩. | નૈમિત્તિક પ્રાર્થનાઓ | ૩૬ |

| | | |
|---|---|---|
| ૨૪. | ચોપડાપૂજન-લક્ષ્મીપૂજનની પ્રાર્થના | ૩૯ |
| ૨૫. | સ્વજનના મૃત્યુ બાદ કરવાની પ્રાર્થના | ૪૦ |
| ૨૬. | શાંતિપ્રાર્થના (અંજલિ ગીત) | ૪૧ |
| ૨૭. | દૈનિક ક્રિયા સાથે કરવાની પ્રાર્થનાઓ | ૪૨ |
| ૨૮. | પ્રાર્થનાની અદ્‌ભુત શક્તિ | ૪૫ |
| ૨૯. | જીવનમાં ગુણભાવ પ્રગટાવવા માટે | ૪૮ |
| ૩૦. | નિત્ય પ્રાર્થના (ગઝલ) | ૫૧ |
| ૩૧. | પ્રભુસ્મરણ કાજે પ્રાર્થના (ગઝલ) | ૫૨ |
| ૩૨. | અનેરો પ્રેમ (ગઝલ) | ૫૩ |
| ૩૩. | વંદુ હૃદયના ભાવથી (હરિગીત) | ૫૪ |
| ૩૪. | સ્મરણભાવના (હરિગીત) | ૫૫ |
| ૩૫. | નિત્ય પ્રાર્થના | ૫૮ |
| ૩૬. | સંભારે છે પ્રભુને જે... | ૬૦ |
| ૩૭. | અખંડ સ્મરણ માટે પ્રાર્થના | ૬૧ |
| ૩૮. | પૂ. શ્રીમોટાના જન્મદિન/પ્રાગટ્યદિન મંગલાષ્ટક | ૬૨ |
| ૩૯. | ગુરુપૂર્ણિમા મંગલાષ્ટક | ૬૪ |
| ૪૦. | પૂજ્યશ્રી મોટાના સાક્ષાત્કાર દિને (રામનવમી) પ્રેમાંજલિ - મંગલાષ્ટક - સરોજબહેન કાંટાવાળા | ૬૬ |
| ૪૧. | પૂજ્ય શ્રીમોટાના સાક્ષાત્કાર દિને (રામનવમી) મંગલાષ્ટક | ૬૮ |
| ૪૨. | શ્રીસાંઈસ્તવન | ૭૦ |
| ૪૩. | શ્રી સદ્‌ગુરુ સ્વરૂપ | ૭૪ |
| ૪૪. | ॥ શ્રીહરિ ॥ | ૭૯ |
| ૪૫. | શ્રીહરિ પદે ભાવગૂંજન | ૮૦ |
| ૪૬. | ભાવ-ભક્તિ | ૮૪ |
| ૪૭. | સાધનામર્મ | ૮૯ |

# ગુરુસ્તોત્ર

**ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુર્ ગુરુર્દેવો મહેશ્વરઃ ।**
**ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥**

ગુરુ બ્રહ્મારૂપ છે, ગુરુ વિષ્ણુરૂપ છે, ગુરુ સાક્ષાત્ દેવરૂપ મહેશ્વર છે, ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે, તેવા શ્રીગુરુને નમસ્કાર હો. ૧

**અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્ ।**
**તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥**

અખંડ મંડલાકાર ચરાચર જગતમાં જે વ્યાપીને રહ્યા છે, જેમણે પરમાત્મારૂપી પરમ પદનું દર્શન કરાવ્યું છે, તેવા શ્રીગુરુને નમસ્કાર હો. ૨

**અજ્ઞાનતિમિરાંધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।**
**ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥**

અજ્ઞાનતિમિરથી અંધ થયેલા એવા (મારા) ચક્ષુને જ્ઞાનરૂપી અંજન આંજતી સળી વડે જેમણે ખોલ્યાં છે, તેવા શ્રીગુરુને નમસ્કાર હો. ૩

**ચૈતન્યં શાશ્વતં શાંતં વ્યોમાતીતમ્ નિરંજનમ્ ।**
**નાદબિંદુકલાતીતં તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥**

ચૈતન્યરૂપ, શાશ્વત અને શાંત, આકાશથી પર, અંજન (ડાઘ) વિનાના તથા નાદ, બિંદુ અને કળાથી પર, તેવા શ્રીગુરુને નમસ્કાર હો. ૪

**ૐ નમઃ શિવાય ગુરવે સચ્ચિદાનંદમૂર્તયે ।**
**નિષ્પ્રપંચાય શાંતાય નિરાલંબાય તેજસે ॥**

શિવરૂપ, સચ્ચિદાનંદ મૂર્તિરૂપ, નિષ્પ્રપંચરૂપ, શાંતસ્વરૂપ, નિરાલંબસ્વરૂપ અને તેજસ્વરૂપ ગુરુદેવને નમસ્કાર હો. ૫

**ઈશ્વરો ગુરુરાત્મેતિ મૂર્તિભેદવિભાગિને ।**
**વ્યોમવદ્ વ્યાપ્તદેહાય દક્ષિણામૂર્તયે નમઃ ॥**

ઈશ્વર, ગુરુ, આત્મા એવા સ્વરૂપે ભિન્ન ભિન્ન જણાતા (પણ) આકાશની પેઠે જેનો દેહ સર્વત્ર વ્યાપીને રહેલો છે, એવા દક્ષિણામૂર્તિ ગુરુને વંદન. ૬

**ગુરુરેવ જગત્ સર્વં બ્રહ્માવિષ્ણુશિવાત્મકમ્ ।**
**ગુરોઃ પરતરં નાસ્તિ તસ્માત્ સંપૂજયેદ્ ગુરુમ્ ॥**

ગુરુ જ સર્વ જગત છે. ગુરુ બ્રહ્મા, વિષ્ણુ અને શિવસ્વરૂપ છે. તે ગુરુનું જ સ્વરૂપ છે. ગુરુથી ચડિયાતું કાંઈ જ નથી. માટે, ગુરુનું પૂજન કરવું જોઈએ. ૭

**દુર્લભો વિષયત્યાગો દુર્લભં તત્ત્વદર્શનમ્ ।**
**દુર્લભઃ સહજાવસ્થા સદ્‌ગુરોઃ કરુણાં વિના ॥**

શ્રીસદ્‌ગુરુની કરુણા વિના વિષયોનો ત્યાગ, તત્ત્વ દર્શન અને સહજાવસ્થા દુર્લભ છે. ૮

**ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।**
**મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥**

ગુરુની મૂર્તિ ધ્યાનનું મૂળ છે. ગુરુનાં ચરણ પૂજાનું મૂળ છે, ગુરુનું વાક્ય મંત્રનું મૂળ છે અને ગુરુની કૃપા મોક્ષનું મૂળ છે. ૯

**બ્રહ્માનંદં પરમ સુખદં કેવલં જ્ઞાનમૂર્તિમ્**
**દ્વંદ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિલક્ષ્યમ્ ।**
**એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષીભૂતં**
**ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરું તં નમામિ ॥**

બ્રહ્મના આનંદરૂપ, શ્રેષ્ઠ સુખ આપનાર, કેવળ જ્ઞાનની મૂર્તિરૂપ, દ્વંદ્વથી પર, ગગન સમાન વ્યાપક, 'તત્ ત્વં અસિ' વગેરેનું લક્ષ્ય, એક જ માત્ર નિત્ય, વિમળ, અચળ, સર્વની બુદ્ધિના સાક્ષીરૂપ, ભાવોથી પર, (સત્ત્વ, રજસ અને તમસ) ત્રણે ગુણોથી પર, એવા શ્રીસદ્‌ગુરુને નમસ્કાર કરું છું. ૧૦

# હરિસ્તવન

તું જ આત્મા, હૃષીકેશ, ભૂતોનાં હૃદયો વિશે,
આદિ, મધ્ય તથા અંત, તું જ છું ભૂતમાત્રના.
તું જ આ જગનો ધાતા, પિતા, માતા, પિતામહ,
જ્ઞેય, પવિત્ર ઓંકાર, ઋગ્, યજુર્, સામવેદ તું.
પ્રભુ, ભર્તા, સુહૃદ, સાક્ષી, નિવાસ, શરણું, ગતિ,
ઉત્પત્તિ, પ્રલય, સ્થાન, નિધાન, બીજ, અવ્યય.
સાક્ષીમાત્ર, અનુજ્ઞાતા, ભર્તા, ભોક્તા, મહેશ્વર,
ક્હેવાય પરમાત્માયે, દેહે પુરુષ તું પરં.

તમે પરં અક્ષર, જ્ઞેય તત્ત્વ,
તમે મહા આશ્રય વિશ્વનું આ,
અનાશ છો, શાશ્વત ધર્મપાળ,
જાણું તમે સત્ય અનાદિ દેવ.
પુરાણ છો, પુરુષ, આદિ દેવ,
તમે જ આ વિશ્વનું અંત્યધામ,
જ્ઞાતા તમે, જ્ઞેય, પરં પદે છો,
તમે ભર્યું વિશ્વ, અનંતરૂપ !

તમારું રૂપ જાણે ના, દેવો કે દાનવો, પ્રભુ !
તમે જ આપને આપે જાણતા, પુરુષોત્તમ !

સમ તું સર્વભૂતોમાં, વા'લા-વેરી તને નથી,
પણ જે ભક્તિથી સેવે, તેમાં તું, તુજમાંહી તે.
મોટોયે કો દુરાચારી એકચિત્તે ભજે તને,
શીઘ્ર તે થાય ધર્માત્મા, પામે શાશ્વત શાંતિને.
અનન્ય ચિત્તથી જેઓ કરે તારી ઉપાસના,
તે નિત્યયુક્ત ભક્તોનો યોગક્ષેમ ચલાવતો.
સતત એકચિત્તે જે સદા સંભારતો તને,
તે નિત્યયુક્ત યોગીને સે'જે તું પ્રાપ્ત થાય છે.
પત્રં પુષ્પં ફલં તોયં જે આપે ભક્તિથી તને,
ભક્તિએ તે અપાયેલું આરોગે યત્નવાનનું.
રહેલો આત્મભાવે તું, તેજસ્વી જ્ઞાનદીપથી,
કરુણા ભાવથી મારા અજ્ઞાન-તમ ને હણ.
તારે જ શરણે આવું સર્વભાવથી, કેશવ !
તારા અનુગ્રહે લઈશ શાંતિ ને શાશ્વત પદ.
છોડીને સઘળા ધર્મો, તારું જ શરણું ધર્યું,
તું જ સકળ પાપોથી છોડાવ મુજને, પ્રભુ !
જે કરું, ભોગવું વા જે, જે હોમું, દાન જે કરું,
આચરું તપને વા જે, કરું અર્પણ તે તને.
મન-ભક્તિ તને અર્પું, તને પૂજું, તને નમું,
નિશ્ચે તને જ પામીશ, તું-પરાયણ, ઈશ્વર !

'ગીતાધ્વનિ' કિ.ઘ. મશરૂવાળા

# મોટા ચરણે

મોટા ! તમારી પ્રતિમા અહીં જે,
સમક્ષ મારી વિલસી રહી છે,
તે ચિન્મયીનાં નયનાંબુજોમાં,
કારુણ્યગંગા છલકી રહી છે. ૧

તે પ્રેરણામૂર્તિ રહું નિહાળી,
તે ચક્ષુમાં ચક્ષુ રહું પરોવી,
તે હૃત્સરોજે સ્પર્શી હું યાચું,
ના રાખજો આ મુજ પાત્ર કાચું. ૨

તમે પ્રભો ! પારસ, લોહ હું છું,
સુવર્ણ થાવા તમને અડું છું,
છું કોલસો, અગ્નિ તમે કૃપાળુ,
હું અગ્નિ થાવા તમને અડું છું. ૩

તમે સખા ! સાગર સ્ત્રોત હું છું,
સમુદ્ર થાવા તમને અડું છું,
સંદીપ્ત છો જ્યોત, દિવેટ હું છું,
હું દીપ થાવા તમને અડું છું. ૪

હું બદ્ધ છું, મુક્ત વિભો ! તમે છો,
હું મુક્ત થાવા તમને નમું છું,
ડૂબું જળે, સિંધુ તમે તર્યા છો,
'તારો મને'- એ સ્તુતિ હું કરું છું. ૫

દૈવી ગુણોનો કરીને વિકાસ,
મારા કરો અંતરમાં ઉજાસ,
અર્પો મને આંતરશક્તિ એવી,
જેથી તરું હું ભવસિંધુમાંથી. ૬

આ પંખીની પાંખ અશક્ત તોયે,
નિઃસીમમાં સંચરવા મથે છે,
ઈચ્છે થવા વ્યોમ વિશે પ્રવાસ,
અનંત ભોમે કરવા નિવાસ. ૭

તે પંખીની પાંખ ન જાય થાકી,
રૂંધાય તેની ગતિ ના કદાપિ,
એવું તમે જો બળ અર્પશો તો,
સંકલ્પ તેનો ફળશે અનેરો. ૮

શ્રદ્ધારૂપી તેલ હૃદે પૂરીને,
દિવેટ મારા મનની કરીને,
પ્રજવાળીને દીપક પ્રેમનો હું,
નીરાજના આપ તણી કરું છું. ૯

આ ભાવગંગાજળથી ભીંજાઈ,
સમક્ષ મારી પ્રગટો ત્વરાથી,
દિક્કાલનાં બંધન તોડી નાંખી,
આ વત્સને અંક ધરો કૃપાથી. ૧૦

વાણીતણું શાશ્વત મૂળ જે છે,
વાણી વડે તે સ્તવી શું શકાશે ?
પરંતુ જેથી પ્રગટી સ્વ-રૂપે,
તેને સ્મરી પાવન તે બને છે. ૧૧

જે આપના અંતરમાં વિશેષે,
સ્ફુરી રહ્યું ભાસ્વર દીપરૂપે,
ચૈતન્યરૂપે સઘળે પ્રકાશે,
તે જ્યોતિને અંતર આ નમે છે. ૧૨

જો બુદ્ધિથી જ્ઞાન થવા મથું છું,
તો હું વધારે ભ્રમમાં પડું છું;
આથી બધોએ વ્યવસાય છોડી,
પ્રભો ! તમારે શરણે જઉં છું. ૧૩

શાસ્ત્રોતણાં અધ્યયનો થકી જે,
ને જ્ઞાનચર્ચા કરવા થકીયે;
કદી નથી પ્રાપ્ત કરી શકાતું,
તે સંતની આશિષથી પમાતું. ૧૪

તીર્થાટનો ભૂમિતલે કર્યાથી,
અનેક યજ્ઞો પણ આચર્યાથી;
જે સત્યનું દર્શન ના થવાનું,
તે સંતની આશિષથી પમાતું. ૧૫

સંસાર દાવાનળથી તપેલા,
વિષાદના પંક વિશે ફસેલા;
મોટા ! તમે આ જનને ઉગારો,
લંબાવીને હાથ હવે તમારો. ૧૬

વર્ષી રહી છે પ્રભુની કૃપા તો,
તે ઝીલવા પાત્ર મને બનાવો;
છે નાવડી સાગર મધ્ય મારી,
તેને તમે પાર કરો ત્વરાથી. ૧૭

હૈયે સ્ફુરે ઉત્કટ ભાવનાનું,
દેખી તમોને અણુમાત્ર બિંદુ;
તો આપને અંતર વિશ્વબંધુ !
શો ઊમટે અદ્ભૂત ભાવસિંધુ ! ૧૮

આ વાદ્યમાં સૂર અખંડ પૂરો,
ને દિવ્ય રાગાવલિને જગાવો;
વાજિંત્ર મારા ઉરનું વગાડો,
ને વિશ્વસંગીત વિભો ! સુણાવો. ૧૯

આનંદનો સાગર નિત્ય રેલે,
જે આપના કોમલ અંતરંગે;
જ્યાં નાદનું કોકિલ નિત્ય ટૌકે,
ત્યાં જીવ આ શીઘ્ર નિવાસ ઝંખે. ૨૦

જો આપનો સાથ મળી ગયો તો,
ઉજાગરો અંતરને પછી શો ?
કલ્પદ્રુમે આશ્રય અર્પિયો જો,
સંકલ્પ તો કેમ થશે ન પૂરો ? ૨૧

જે જન્મજન્માંતરમાં કરેલાં,
આ જન્મમાંયે પણ આચરેલાં;
જાણ્યે અજાણ્યેય કરેલ કર્મો,
જ્ઞાનાગ્નિમાં તે સઘળાં પ્રજાળો. ૨૨

મારા હૃદે છે તણખો જ્વલંતો,
જે વીજ શો નિત્ય રહે સ્ફુરંતો;
તેને મહાજ્યોતિ બનાવી નાથ!-
-ઘનાંધકારે કરજો પ્રકાશ. ૨૩

મા નર્મદાએ તવ દેહ ઝીલી,
સંસારને ભેટ અપૂર્વ દીધી,
મોટા ! તમે જીવન સિદ્ધિ પામ્યા,
ને ખીલવ્યાં જીવન કૈં જનોનાં. ૨૪

અપૂર્ણતા આ ‘જન’ની અનંત,
જાણો તમે તો પણ હે સમર્થ !
કારુણ્યભાવે નીરખી કૃપાળુ !
આ ખીલવો જીવનપુષ્પ મારું. ૨૫

હો શુક્લમાર્ગે ગતિ નિત્ય મારી,
તમિસ્રપંથે નવ હો કદાપિ;
આ માર્ગમાં જે પ્રતિકૂળતાઓ,
તેને કૃપાથી પ્રભુ હે ! નિવારો. ૨૬

આ પ્રાર્થના અંતરથી સ્ફુરી છે,
ઊંડાણથી આ સરિતા સરી છે,
તે આપનાં બે ચરણાંબુજોને,
પખાળતી ધન્ય બની રહી છે. ૨૭

શ્રી સદ્‌ગુરુ દેવ કી જય !

– પ્રો. એ.જી. ભટ્ટ

# હરિને ભજતાં
## (ભજન)

હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે,
જેની સુરતા શામળિયા સાથ, વદે વેદવાણી રે...ટેક.

વહાલે ઉગાર્યો પ્રહ્લાદ, હિરણ્યકશિપુ માર્યો રે,
વિભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે...૧

હરિને ભજતાં...

વહાલે નરસિંહ મહેતાને હાર, હાથોહાથ આપ્યો રે,
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે...૨

હરિને ભજતાં...

વહાલે મીરાં તે બાઈનાં ઝેર, હળાહળ પીધાં રે,
પાંચાળીનાં પૂર્યાં ચીર પાંડવ કામ કીધાં રે...૩

હરિને ભજતાં...

આવો હરિ ભજવાનો લહાવો, ભજન કોઈ કરશે રે,
કર જોડી કહે પ્રેમળદાસ, ભક્તોનાં દુઃખ હરશે રે...૪

હરિને ભજતાં...

- શ્રી પ્રેમળદાસ

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો...ૐ શરણ.

મન વાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો, (૨) ત્યાંયે ભાવ બઢો...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિ તણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો...ૐ શરણ.

મન, મતિ, પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો...ૐ શરણ.

– શ્રીમોટા

ઓ ઈશ્વર ! ભજીએ તને, મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ, થાય અમારાં કામ.

હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ.

હરિઃ ૐ
શ્રી સદ્‌ગુરુ દેવ કી જય !
વહાલા મોટા ૐ !
હરિઃ ૐ !

# પ્રભુ, ચરણ શરણમાં રાખો રે...

પ્રભુ, ચરણ શરણમાં રાખો રે, પાવલે લાગું.

રસિયાજી અંતરયામી ! મારા હૃદયકમળના સ્વામી !
અલબેલા પ્રેમીનામી રે, પાવલે લાગું... પ્રભુ.

શરણાગતવત્સલ જાણી, તને જણાવી અંતર ક્હાણી,
તોયે મન રહ્યું હજુ માની રે, પાવલે લાગું... પ્રભુ.

અડવું બધું એનું ટાળી, હેળાવી દઈ ગિરિધારી !
પદ લગાડી દોને તાળી રે, પાવલે લાગું... પ્રભુ.

વહાલાજી ! સાધન કંઈ ના, દિલ-પ્રેમ-ભાવનાં ફૂલડાં,
વેરું છું નિત તમ પદમાં રે, પાવલે લાગું... પ્રભુ.

બાળકનું જોર કશું શું ! જો હોય કશું, તો રડવું,
એ જોરે મારે તરવું રે, પાવલે લાગું... પ્રભુ.

'જીવન સંશોધન', પ્ર.આ.પૃ. ૩૭૧ – શ્રીમોટા

# મોટા, મુજથી ના વીસરાયે

મોટા, મુજથી ના વીસરાયે,
હરિકૃપા મારે હૈયે વરસે... મોટા.

મા બની મુજ હૈયું હેતે ભીંજવે,
રસ નીતરતે ભાવે... મોટા.

પિતા બની મુજ અવગુણ કાપે,
જ્ઞાનરૂપી અસિધારે... મોટા.

બંધુ બન્યો મુજ રક્ષા કાજે,
સખા બન્યો સંગાથે... મોટા.

દિનભરની દિનચર્યા અર્પું,
નિત નિત તવ ચરણે... મોટા.

હૈયે હેત ધરી તુજ ચરણે,
પ્રણમું હું નમીને... મોટા.

- સરોજબહેન કાંટાવાળા

# ઊંચી મેડી તે મારા સંતની રે...!

(રાગ : ભીમપલાશ, તાલ : હીંચ)

ઊંચી મેડી તે મારા સંતની રે !
મેં તો માણી ના જાણી રાજ !
હો રાજ... ઊંચી મેડી તે મારા સંતની રે !

અમને તે તેડાં શીદ મોકલ્યા ?
કે મારો પિંડ છે કાચો રામ !
મોંઘામૂલી તે મારી ચૂંદડી,
મેં તો ઓઢી ના જાણી રામ !
હો રાજ... ઊંચી મેડી તે મારા સંતની રે !

અડધાં પહેર્યાં, અડધાં પાથર્યાં,
અડધાં ઉપર ઓઢાડિયાં રામ !
ચારે છેડે ચારેય જણા
ડોળી ડગમગ હાલી જાય.
હો રાજ... ઊંચી મેડી તે મારા સંતની રે !

નથી તરાપો નથી તુંબડાં,
નથી ઊતરવાનો આરો આજ,
નરસિંહ મહેતાના સ્વામી શામળા !
પ્રભુ, પાર ઉતારો રાજ !
હો રાજ... ઊંચી મેડી તે મારા સંતની રે !

# હરિ ! હું શું કરું રે ?

હરિ ! હું શું કરું રે ? મુજને ચેન પડે નવ ક્યાંયે. ટેક.

ચિત્ત ચોંટે મુજ કોઈ વિશે ના, મનો મથામણ ભારે,
કાં હડસેલી મુજને મૂક્યો, વહેણ વમળમાં ભારે. હરિ.

સુંદર મેળ હતો જામેલો, મુજ જીવનનો બાપુ,
કોણે મારું ઘર વણસાવ્યું, હતું જે લીપ્યું ગૂપ્યું ? હરિ.

જીવનપથમાં ક્યાંથી આવ્યાં, સૂકાં રણ મેદાનો ?
રસકસ મારા ઊડી ગયા ક્યાં ? ક્યાંથી આ તોફાનો ? હરિ.

ડામાડોળ થતી મુજ નૌકા, ચઢ્યું મુજ મન વંટોળે,
નિવૃત્તિ પ્રવૃત્તિ વચ્ચે, કાં સપડાવી મારે ? હરિ.

જેમ સૂઝ્યું તેમ દીધે રાખ્યું, મદાર તુજ પર બાંધી,
હાવાં કાં અથડાવી મારે, આવી જ્યાં મને આંધી ? હરિ.

- શ્રીમોટા

# ગાયત્રીમંત્र
## (અર્થભાવના-સૂર્યપ્રાર્થના)
### (અનુષ્ટુપ)

તેજ તત્ત્વ થકી જન્મે, બુદ્ધિ તો સર્વ અંતરે,
બુદ્ધિના સ્વામી તેથી છો, સૂર્યદેવ, તમો ખરે.

હે સૂર્ય ! મુજ બુદ્ધિમાં, બક્ષો તેજસ્વિતા મને,
ખીલે વિવેક ને જેને, વાપરી શકું વર્તને.

અનેક શી મડાગાંઠો, પડેલી બુદ્ધિમાં મને,
તેથી જ આવરાયે છે, બુદ્ધિની દૃષ્ટિ વર્તને.

સર્વની પર પાડે છે, પ્રકાશ, બુદ્ધિ એક તે,
સર્વ ઉજાળનારા તે, ઉજાળો મુજ બુદ્ધિને.

'પાડજો પગલાં પ્રભુ', પૃ.૧૮ - શ્રીમોટા

# શાંતિ-કલ્યાણ યજ્ઞવિધિ

જીવનમાં કોઈપણ પ્રકારની ભાવનાને દઢ કરવા યજ્ઞવિધિ કરી શકાય. એમાં પ્રસંગોચિત, ભાવોચિત મંત્રોથી આહુતિ આપવી અને બોલાતા મંત્રની ભાવનાનો અર્થ લક્ષમાં રાખવો.

## અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના

(અનુષ્ટુપ)

અગ્નિ પ્રત્યક્ષ શક્તિ છે અગ્નિ પ્રકાશ પ્રેરતો,
અગ્નિ સર્વને શુદ્ધ કેવો પવિત્ર બનાવતો ! ૧

અગ્નિની પ્રેમ-જ્વાળાઓ પ્રકટે ઉચ્ચ ઉચ્ચ શી !
ધારણા જીવને હૈયે આપણે તેવી રાખવી. ૨

પ્રચંડ શક્તિ અગ્નિની ચેતાવવા હૃદે પૂરી,
અગ્નિની સાધના ઉગ્ર જીવને કરવી રહી. ૩

અગ્નિ ચેતાવવા અગ્નિ શો સંપડાવવો રહ્યો,
તે જ છે સાધના જાણો અગ્નિ છે સાધના ખરી. ૪

અગ્નિ પેટાવવા કાજે સાધના શી જરૂરની,
જિજ્ઞાસારૂપ અગ્નિને ચેતાવીને ફરી ફરી;
એની પ્રચંડ જ્વાળાથી પ્રવેશવાનું કરો ચહી. ૫

અગ્નિ તેથી જ ચેતાવી જીવને પ્રતિષ્ઠા થવા,
આજે હું અગ્નિને ભાવે પ્રકટાવું સૌ સમક્ષમાં. ૬

# અગ્નિને પ્રાર્થના

અગ્નિ પેટાવીએ ભાવે અગ્નિ અંતરનો ઊંડે,
હૈયે પેટાવવા કાજે પ્રાર્થીએ હે પ્રભો ! તને. ૧

દિલ પ્રાર્થીએ મન બુદ્ધિ ને ચિત્ત પ્રાણની શુદ્ધિ થજો,
એ હેતુથી આ આહુતિ પ્રભુ અર્પીએ દિલ ઠારજો. ૨

# વિવિધ આહુતિ મંત્ર

## (અનુષ્ટુપ)

### - અનિષ્ટથી મુક્તિ કાજે -

સૌ અનિષ્ટથી મુક્તિ થવા કાજે હૃદે ઊંડી,
પ્રાર્થના કરી આહુતિ આપીએ હરિને સ્મરી.

### - શાંતિની વૃદ્ધિ અર્થે -

શાંતિ, કલ્યાણ વૃદ્ધ્યર્થે ને અનિષ્ટ હઠાવવા,
આહુતિ આપીએ પ્રાર્થી પાદમાં દિલ વાળવા.

### - સુમેળ પ્રગટાવવા માટે -

સુમેળ, શાંતિ, આનંદ જન્મો સૌ સાથ આ ઘરે,
એવા હેતુથી પ્રાર્થીને આહુતિ આપીએ તને.

સુમેળ ભાવ હૈયાનો પરસ્પરે થવા ખરો,
પ્રેમ હૈયાથી પ્રાર્થીને આહુતિ અર્પીએ અમો.

## - વિઘ્ન મુક્તિ માટે -

પામવા વિઘ્નથી મુક્તિ શાંતિ કલ્યાણ ઝંખવા,
આહુતિ અર્પીએ પ્રાર્થી, ઉન્મુખી દિલ પ્રેરવા.

## - વિઘ્ન નિવારણ કાજે -

શ્રેયની ભાવનાર્થે સૌ, ભેળાં મળી બધાં અમે,
ધારવા શાંતિ-કલ્યાણ, યજ્ઞે આહુતિ અર્પીએ.

## - કર્મ પૂરાં થવા માટે -

સર્વનુંય થવા હિત આરંભાયેલ કર્મને,
થવા પૂરું પ્રાર્થી આહુતિ અર્પીએ અમે.

## - ઈષ્ટ પ્રાપ્તિ કાજે -

ઈષ્ટ પ્રાપ્તિ થવા કાજે સંદેહ મુક્તિ હેતવે,
આહુતિ અર્પીએ ભાવે પ્રભો ! તે તું સ્વીકારજે.

## - શ્રેય કાજે -

કરીને કર્મ સંસારે, જીવવા યજ્ઞ ભાવથી,
આહુતિ અર્પીએ પ્રાર્થી શ્રેયને વરવા તણી.

### - ક્ષેમ થવા કાજે -

અમારું સૌ રીતે ક્ષેમ થજો તારી કૃપા થકી,
સૌનું કલ્યાણ વાંછાજો, પ્રાર્થી એ આપું અંજલિ.

### - સુમેળ શાંતિ અર્થે -

સુમેળ શાંતિ આનંદ, જન્મો સૌ સાથ આ ઘરે,
એવા હેતુથી પ્રાર્થીને આહુતિ આપીએ તને.

## : યજ્ઞ પૂર્ણાહુતિ મંત્ર :

(અનુષ્ટુપ)

યજ્ઞ પૂર્ણાહુતિ અંતે, હૈયાના ભાવથી કરી,
કરીએ પ્રાર્થના ભાવે, નિષ્ઠા રખાવજો ખરી.

❍❍❍

યજ્ઞ પૂર્ણાહુતિ અંતે શાંતિ કલ્યાણ ઝંખવા,
ભાવે આહુતિ અર્પું જે તને યાચું સ્વીકારવા.

❍❍❍

પૂર્ણાહુતિ સદૈવ શક્ય બનજો યજ્ઞે સહુ હોમવા,
યત્કિંચિત્ અશુદ્ધિઓ નવ રહો એ છે પ્રભુ ! પ્રાર્થના.

❍❍❍

# યજ્ઞ-મંગલભાવના
## (શાર્દૂલ વિક્રીડિત)

ચાલે યજ્ઞ અનાદિકાળથી જયહી હોમાઈ પોતે સદા,
આપી અંજલિ આપની હૃદયથી શા યજ્ઞ સંચારતા !
સૌમાં આપ ભળી, મળી જીવનના યજ્ઞે હવિ બક્ષતા,
એવા યજ્ઞસ્વરૂપ શ્રીહરિ તમે પ્રેરો સદા મંગલ. ૧

હોવા એક છતાં અનેક પણ છો, જુદા જુદા ભાસતાં,
હોમાતાં પ્રભુ યજ્ઞમાં પળપળે જ્વાળારૂપે શા થતા !
જ્વાળા જેમ જુદું જુદું સ્વરૂપ લે તોયે મૂળ એક ને,
તે નારાયણ યજ્ઞરૂપ શ્રીહરિ સૌનું કરો મંગલ. ૨

જેવો ભાવ ખીલ્યાં કરે હૃદયનો, તેવી ખીલે ચેતના,
ને આધાર તણાં બધાં કરણને સ્પર્શી હરે ક્ષુબ્ધતા,
કેવું જીવતણું કરે શિવપણું ! આનંદ શો નિશ્ચલ !
તે નારાયણ યજ્ઞરૂપ શ્રીહરિ પ્રેરાવજો મંગલ. ૩

જ્યાં ત્યાં વિશ્વ વિચિત્રતા, વિવિધતા, વિસ્તાર કેવાં રમે !
લાગે ઉગ્ર પ્રચંડ ને ભયભર્યો કેવો વિસંવાદ તે !
તેમાં તોય ભર્યો પડ્યો સભર છે સંવાદ સૌ મૂળમાં,
તે નારાયણ યજ્ઞરૂપ શ્રીહરિ બક્ષો સદા મંગલ. ૪

આ સંસાર લીલા અવ્યક્ત હરિની તેમાં છુપાઈ ઊંડું,
પોતે આપ શું આપ ખેલ રમતાં જાણે ન કોઈ કશું,
જેને ભક્તિ અને ભગીરથ તપે સંતો હૃદે પામતા,
તે નારાયણ યજ્ઞરૂપ શ્રીહરિ બક્ષો સદા મંગલ. ૫

પોતે આપથી આપ શા પળપળે આહુતિ આપ્યા કરી,
જુદાં શાં રૂપ આપ આપથી થતાં, જે તેજ છો શ્રીહરિ,
છો પ્રત્યક્ષ છતાં લહે ન હરિને, માયા શી તારી પ્રભુ !
તે નારાયણ યજ્ઞરૂપ શ્રીહરિ પ્રેરાવજો મંગલ. ૬

જે ભાવે પ્રભુ યજ્ઞમાં સ્તવનથી આહુતિ બક્ષાય છે.
તે ભાવોથી કરી પ્રભુ જીવનને ઊંચે પ્રકાશો હૃદે,
આ સંસાર મહીં પ્રભુ રમી રહ્યા યજ્ઞે તિતિક્ષા રૂપે
તે નારાયણ યજ્ઞરૂપ સ્વરૂપે બક્ષો સદા મંગલ. ૭

જે જે દેવ-ગ્રહોની યજ્ઞ સમીપે પ્રસ્થાપના જે કરી,
તે તે દેવ-ગ્રહો પ્રસન્ન થઈને કલ્યાણ શ્રી દઈ હરિ,
જે જે દોષ થયાં કર્યાં અમ થકી તેની ક્ષમા આપીને,
તે નારાયણ યજ્ઞરૂપ શ્રીહરિ પ્રેરો સદા મંગલ. ૮

# ખાતમુહૂર્ત : મંગળ પ્રાર્થના

(અનુષ્ટુપ)

મંગળ સર્વ કાર્યોમાં, રિદ્ધિ સિદ્ધિ ગણેશને,
પ્રાર્થના કરી ભૂમિમાં, પ્રતિષ્ઠિત થવા પદે. ૧

વરાહ, કૂર્મ, દેવોની સાથે સાથે સ્તવી હૃદે,
પ્રતિષ્ઠાઓ જગા વિશે, થજો સૌ દેવની ખરે ! ૨

લીધેલાં કર્મમાં કોઈ, વિઘ્ન, મુશ્કેલી, ગૂંચ જે,
નિમિત્તો સાંપડે, તેથી, મળજો મુક્તિ કર્મ. ૩

સર્વ સરળતા પાકી, આ કર્મમાં મળ્યાં કરી,
ભાવના શુદ્ધ સંપૂર્ણ, રખાવજો અમારી શી ! ૪

આ કર્મ જે અમારાથી, ઉત્તમોત્તમ રીતથી,
પરિપૂર્ણ બધી રીતે, પાર ઉતારજો વળી. ૫

'મહત્તા કર્મને પૂરું, યોગ્યતા એની સૌ થવા,
ત્યાં અપાજો અમારાથી' પ્રાર્થના એવી પાદમાં. ૬

અમારી બુદ્ધિમાં સ્વાર્થ, ચઢી ના બેસજો નર્યો,
યોગ્ય થવા બધાનુંયે, સદ્‌બુદ્ધિ દિલ પ્રેરજો. ૭

કર્મની યોગ્યતા રીતે, સધાજો કર્મ તે બધું,
દેવાદિ, શક્તિની સહાય કૃપાથી મળજો, સ્તવું. ૮

'વિધિવિધાન', પૃ.૫ — શ્રીમોટા

# કુટુંબની ગૃહપ્રવેશની પ્રાર્થના
## (સને ૧૯૩૮માં, કરાંચીમાં, ગૃહપ્રવેશ પ્રસંગે પૂજ્ય શ્રીમોટાને સ્ફુરેલ પ્રાર્થના)
## (મકાનનું વાસ્તુ કરવાનું હોય તે પ્રસંગની પ્રાર્થના)

(ભુજંગી)

પ્રભો સર્વજ્ઞાતા ! પ્રભો સર્વદાતા !
પ્રભુ વિશ્વકર્મા ! વળી વિશ્વભર્તા !
પ્રભુ, આપ છો સર્વ શક્તિપ્રદાતા,
વસો વાસ એવા અમારા ગૃહે આ. ૧

કરી મંથનો કૈંક સ્વપ્નાં રચીને,
ઘડી ઘાટ આદર્શ મનમાં ધરીને,
અમે ખૂબ ઉત્સાહથી જે કરાવ્યું,
કૃપા કૈં કરીને પ્રવેશો પ્રભુ, ત્યાં. ૨

પ્રભુ, તુજ ભાવો બધા ત્યાં પ્રસારો,
વસો કલ્પના સર્વ તારી પ્રભુ ત્યાં;
પ્રસાર્યા કરી તુજ આંદોલનો ત્યાં,
કરો ભાગ્યશાળી અમોને હંમેશાં. ૩

અમારા ગૃહે પ્રેમની જ્યોત તારી,
સદાયે પ્રકાશી રહો તાત ! સારી,
ખૂણાયે ખૂણા સૌ પ્રભુ પ્રજવળી રહો,
બધો અંધકાર વસી ત્યાં ફિટાવો. ૪

અમારા ગૃહે સંપ ને જંપ બાપુ,
ભર્યાં સુખશાંતિ સદાયે ઠરી રહો;
બધાંને જ આનંદની ચિનગારી,
અમારા ગૃહેથી કૃપાથી અપાવો. ૫

ભલે પાપીમાં પાપી હોયે પતિત,
પ્રવેશે ગૃહે જો બને તે પવિત્ર;
નઠારું બધું એનું સૌ દૂર થાઓ,
અમારું પ્રભુ, ગૃહ એવું બનાવો. ૬

બની આ રહો ચેતના-શક્તિધામ,
વળી તે બનો ભાવનું ભક્તિઠામ;
દયા ને કરુણા વસો ત્યાં સદાયે,
પ્રભુના જનોનું બનો ઠામ પ્રેમે. ૭

કશી આધિ, વ્યાધિ અને કૈં ઉપાધિ,
કદીયે રહો ના અમારા ગૃહે આ,
સદા મસ્ત આનંદની ઊર્મિ કેરા,
વહાયાં કરાજો પ્રવાહે પ્રભુના. ૮

સગાં ને સંબંધી સહુ સ્નેહીઓનું,
બનીને રહો ઠામ આ પ્રેમ કેરું;
રહે આશ્રયે જેહ એના, થજો તે,
ઉમંગી સુખી, એ પ્રભુની દુઆથી. ૯

અહીં ના કદી ક્લેશ કંકાસ જાગો,
અહીં ના કદી દુઃખ સંતાપ જાગો;
પ્રભુની કૃપાથી અમારા ગૃહે આ,
સુયોગો સુમેળો બધાંના સધાજો. ૧૦

ઉજાળ્યાં કરો કિરણો તેજ તારાં,
પ્રવેશ્યાં કરો દેવદૂતો તમારા,
ખીલ્યાં ત્યાં કરો ફૂલડાં દિવ્ય તારાં;
વિતાવ્યા કરાવો પ્રભુ દિન સારા. ૧૧

નવા આ નિવાસે પ્રભુજી અમોને,
સદા પ્રેમ ને નેમ તું સારી દેજે;
પ્રભુ, વાળીને ઝૂડીને ગૃહ તારું,
રખાવ્યા કરી સાફ, રે'જો ઠરીને. ૧૨

નવા આ નિવાસે પ્રભુની દયાથી,
ખરું, સુતરું, સર્વ સારું બન્યા રહો,
વિચારો અમારા સદા ઊર્ધ્વગામી,
શિરોગામી સૌ રહો પ્રભુની કૃપાથી. ૧૩

અમારી પ્રભુ દીર્ઘદષ્ટિ બનાવી,
અમોને સદા ધૈર્ય ને શાંતિ આપી,
નવા આ નિવાસે અમોને ઠરાવી,
તને નિત્ય રાજી કરાજો અમોથી. ૧૪

– શ્રીમોટા

# વેપારીએ કરવાની પ્રાર્થના
## (ગઝલ)

પ્રભુ, વ્યાપારમાં બરકત, કૃપા કરી પ્રેરતા રે'જો,
કૃપાગંગા પ્રભુ તારી, અમો પર વર્ષતી રે'જો.

હરિની મહેરબાનીને, જીવન લાયક તે અમ કરજો,
અમારાં કર્મમાં અમને, હૃદય ઉત્સાહ ખૂબ દેજો.

જીવનનું જોશ જે સઘળું, લીધાં કર્મે પરોવાજો,
ભૂલેચૂકે જરા સરખો, પ્રમાદ ના કદી થાજો.

સતત ઉદ્યમ વિશે જીવન, અમારું તે વ્યતીત થાજો,
પનારે જે પડેલા છે અમારે, તે સુખી થાજો.

લીધેલાં કર્મમાં નેક હૃદય દાનત તું પ્રેરવજે,
સ્મરણ હરિનું જીવન વિશે, અમોને તે થતું રે'જો.

'વિધિવિધાન' - શ્રીમોટા

# વેપારી પેઢીની ઉદ્‌ઘાટન પ્રસંગની પ્રાર્થના

(અનુષ્ટુપ)

થયા વિના જ સમૃદ્ધિ વિકાસ યોગ્ય થાય ના,
દેશ બેઠો થવા અર્થે સમૃદ્ધિ શી જરૂરી ત્યાં ! ૧
સમૃદ્ધિ એમની એમ મેળે તે જન્મતી ન છે,
ઉદ્યોગે ને પુરુષાર્થે સમૃદ્ધિ મેળવાય છે. ૨
જાત જાત તણા એવા ઉદ્યોગ-પુરુષાર્થથી,
જન્માવવા જ સમૃદ્ધિ છે મથવાનું હર્ષથી. ૩
વિઘ્ન, મુશ્કેલીઓ આવ્યે ત્યાં, મર્દાનગી, સાહસ-
દાખવી, દાખવી ચેતી વિચારી ભરવાં ડગ. ૪
હરિની શક્તિનો ભાવ આ ઉદ્યોગે પ્રવર્તજો,
કૃપાનો ભાવના ધોધ ર્‌હેજો વ્‌હેતો અહીં પ્રભો ! ૫
ફાલજો, ફૂલજો પ્રાર્થું ઉદ્યોગ વિસ્તારી જગે,
રૂડાં ફળ બધાં એનાં મળ્યાં તે કરજો જગે. ૬
જે સંકળાયેલ છે જીવો આ ઉદ્યોગને વિશે,
ખંત, ઉદ્યમ, ઉત્સાહ ઉપયોગે પ્રવર્તજો. ૭
થવા સમૃદ્ધ આ દેશ ઉદ્યોગની પ્રવૃત્તિ આ,
જીવતો ભાવ તો તેમાં પ્રગટજો સ્ફુરી કૃપા. ૮
આ ઉદ્યોગે સધાજો સૌ સમૃદ્ધિ સર્વની ખરે,
સમષ્ટિનીય સમૃદ્ધિ વિશે સમૃદ્ધિ સૌની છે. ૯
વ્યક્તિના સ્વાર્થની માત્ર વાત આમાં ન કૈં હજો,
પ્રાર્થના-ભાવ તો એવો આ ઉદ્યોગે પ્રવર્તજો. ૧૦

'વિધિવિધાન' — શ્રીમોટા

# વેપાર ધંધાના પ્રારંભે રાખવાની ભાવના

(અનુષ્ટુપ)

ચાલે નિર્વાહ જેનાથી, તે શક્તિ અમને જગે,
પ્રેય કરાવીને રૂડું, શ્રેય બુદ્ધિ જગાડજે. ૧

જે તે બધું થતું રે'તું, પ્રભુની શક્તિથી જગે,
'બુદ્ધિ, કૌશલ્ય' તે શક્તિ, છે પ્રભુ તણી આખરે. ૨

વ્યવહારની ઊંડી જે કળા-સમજ તોય તે,
આપેલી છે પ્રભુ કેરી, ધાર્યું સંપૂર્ણ ના થશે. ૩

જેમાં તેમાં પ્રભુ એક, સમર્થ સર્વ રીતિએ,
પ્રભુને ધારીને તેથી, જેમાં તેમાં ગ્રહો હૃદે. ૪

નિર્વાહ કેરી પ્રવૃત્તિ, જે ચાલ્યાં કરતી જગે,
તેમાં પ્રભુનું પ્રાર્થીને, આહ્‌વાહન કરો હૃદે. ૫

જેમાં તેમાં પ્રભુ કેરી, ધારણા ધારીને દિલે,
મહત્ત્વ આપતાં રે'જો, પ્રભુને સર્વ વાત પે. ૬

પ્રભુ સર્વે કરાવે છે, એમ ધારી હૃદે ઊંડી,
અહંને ફેડતા રે'જો, આપે તો કામ તે રૂડું. ૭

આપણી હોશિયારી તે, આવે ના કામ સૌ પળે,
એમ ધારી તમે હૈયે, જગાડો ભાન તે વિશે. ૮

શક્તિથી સર્વ ચાલે છે, તે શક્તિની ઉપાસના,
આચરી પ્રેમભક્તિથી, સંસારે વર્તજો સદા. ૯

નેમ ને નેકની દૃષ્ટિ, જીવને નિત્ય આપજો,
ને વ્યવહારમાં શુદ્ધિ, પ્રેરાવા બુદ્ધિ ખીલજો. ૧૦

કિંચિત્ અન્યાય કોઈને, અમોથી ના કદી થજો,
'થવા ભલું બધાં કેરું', સદ્બુદ્ધિ એવી પ્રેરજો. ૧૧

પ્રભુની શક્તિ પ્રાર્થીએ, નિર્વાહ-વ્યવહારમાં,
પ્રકટ્યાં કરજો ભાવે, અમો પરે કરી કૃપા. ૧૨

# યંત્ર ઉદ્યોગની ઉદ્‌ઘાટન વિધિ

(અનુષ્ટુપ)

પ્રભુની શક્તિથી જે તે સર્વ પ્રકારના જગે,
ઉદ્યોગ, યંત્ર, વ્યાપાર, સૌ વ્યવહાર જીવને ! ૧

સંસાર, ઉદ્યમો બીજા, ને ઘટમાળ સર્વ જે,
ચાલ્યાં કરતી છે નિત્ય-તો આ પણ નિભાવજો ! ૨

પ્રતિષ્ઠા દિવ્ય શક્તિની સ્તવું, યંત્રાલયે થજો,
જીવને ભૂમિકા એવી કૃપાથી દિલ જાગજો ! ૩

કર્મ વિના ન આરો છે, કર્મ, ઉદ્યોગ યોગ્ય જે,
-જે તેની યોગ્યતામાં સૌ અંતરે પ્રગટાવજો ! ૪

કર્મ તો કામધેનુ છે, કર્મ તો કલ્પવૃક્ષ છે,
કર્મ પ્રત્યક્ષ શક્તિ છે, શું પ્રાણાધાર કર્મ છે ! ૫

દેશના સૌ જુદા જુદા ક્ષેત્રે સર્વ પ્રકારના,
ઉદ્યોગોમાં જ પેદાશ ઉત્તમ કોટિની સદા;
વધુ જન્માવવા અર્થે યોગ્ય જે સાનુકૂળતા,
પ્રેરાવવી બધી રીતે પડશે, લક્ષથી તહાં. ૬-૭

કર્મમાં ભાવ જેવો હો, જેવો હો હેતુ કર્મમાં,
જેવી સભાનતા કર્મે, ઉત્સાહ, ખંત, દિલમાં;
એવા બીજાં ગુણો કર્મે જોડાયેલા જ જો હશે,
રળાવી આપનારું તો કર્મ જેવું બીજું ન છે. ૮-૯

કર્મમાં લક્ષ જેનું છે, કર્મમાં જેનું ધ્યાન છે,
કર્મમાં પ્રાણ સંપૂર્ણ, તેને તો કર્મ શક્તિ છે. ૧૦

હો વફાદારી સંપૂર્ણ જેને તે કર્મને વિશે,
તેને પ્રત્યક્ષ તો કર્મ દિવ્ય શક્તિરૂપે જ છે. ૧૧

કર્મમાં પ્રાણ જેવા તે પરોવાએલ હો ઊંડા,
કર્મ શો બદલો તેને અર્પે છે તે પ્રમાણમાં ! ૧૨

આજે આ લોક તો ભૂલ્યા જીવને કર્મ-યોગને !
તેથી આવી દશા આજે દેશની થૈ કફોડી છે. ૧૩

આજે આ કર્મ દ્વારા હું પ્રભુને પ્રાર્થના કરું,
અમારાં લોકને કર્મે જાગ્રતિ યોગ્ય પ્રેર તું ! ૧૪

# નૈમિત્તિક પ્રાર્થનાઓ

## ગર્ભવતી માટેની પ્રાર્થના

અંતરે જે જીવ વ્યાપ્ત
તેની રક્ષા થવા પ્રભુ !
તેનું હિત થવા સાચું
આહુતિ અર્પતાં સ્તવું.

## શિશુના નવ જન્મદિનની પ્રાર્થના

વહાલા શિશુના શુભ જન્મદિને
પ્રાર્થું પ્રભુને પદમાં ઢળીને,
દેજે પ્રભુ ! આશિષ પ્રેમ ભાવે
તું બાળને પ્રેરજે પ્રેમપંથે.

## જન્મદિનની પ્રાર્થના

(શાર્દૂલવિક્રીડિત)

આ, જે જન્મ, શરીરનો નવ ગણો, તે જન્મ તો પામવા,
દૈવીભાવ પ્રભુતણો જીવનમાં, તેની પ્રતિષ્ઠા થવા,
પામ્યા સ્થૂળ નહિ નિરર્થકપણે, એ સૂક્ષ્મ ચેતાવવા,
એવું ભાન થયાં કરો હૃદયમાં, એવી હજો પ્રાર્થના.

## ગૃહ પ્રવેશ પ્રાર્થના

તમારા ગૃહે ઈશ માંગલ્ય પ્રેરો,
તમારા ગૃહે શાંતિ, આનંદ વ્યાપો,
તમારા ગૃહે ચેતના વાસ થાજો,
તમારું સદા આત્મકલ્યાણ થાજો.

જલાવી પ્રભુ પ્રેમનો દીપ ન્યારો,
તમારા ગૃહે દિવ્ય ઉલ્લાસ રેલો,
અહંકાર ને દર્પના અંધકારો,
પ્રભુ પ્રેમ જ્યોતિ થકી દૂર થાજો.

## નવ વરવધૂને શુભેચ્છાઓ

બંને એક બીજાને કાજ જીવને હોમાવું ચાહીને ભલું,
બંને એકબીજાની સાથ રહીને પંથે ધરો વેગીલું. ૧

બંને એકબીજા વિશે હૃદયમાં એકાત્મભાવે ચહી,
એવી સર્વ કમાણી જે કંઈ કરો અર્પો પ્રભુપાદશ્રી. ૨

લગ્ને દ્વંદ્વ મિટાવજો જીવનમાં એકત્વ ભાવો થકી,
વહેજો પ્રેમતણી વિશુદ્ધ હૃદયે ધારા કરુણા ભરી. ૩

અન્યોન્ય જ તણી સદા જીવનમાં હોજો શીળી છાંયડી,
અર્પો હે પ્રભુ યુગ્મને હૃદયમાં આશિષ ભાવો ભરી. ૪

# ભાઈબીજ શુભેચ્છાઓ

બંધુ અને ભગીનીતણું શુભ ઐક્ય હૈયે સાધતી,
આજે ઊગી શુભ બીજની મંગલ ઉષા અંતર મહીં.
નિર્મળ સહારો ભાવના બંધુ અને ભગિની તણો,
પ્રેમે જીવન શક્તિ બની, જીવન ઊભયનાં તારજો. ૧

ભાઈ બીજ વિમલ મધુરી બહેનની ભાવ સૃષ્ટિ,
જાગે હૈયું અધિક કરતી, ભાવવૃદ્ધિ નિરાળી;
બહેની કેરો પુનિત જગમાં ભાવ નાતો અનેરો,
પ્રાર્થું આજે પ્રભુ ચરણમાં બ્હેનીનું શ્રેય થાજો. ૨

# ચોપડાપૂજન-લક્ષ્મીપૂજનની પ્રાર્થના

(શાર્દૂલવિક્રીડિત)

લક્ષ્મીનો ઉપયોગ યોગ્ય બનતાં, શક્તિ બને લક્ષ્મી તે,
તેનું ભાન જગાડવા જીવનમાં, પૂજાવિધિ આ ખરે !
ધર્મે જે વપરાય લક્ષ્મી જીવને, સદ્‌બુદ્ધિ પ્રેરાવતી,
ને સંસ્કાર સ્ફુરાવીને જીવનમાં, આનંદ રેલાવતી.
જે લક્ષ્મી સુખ નિત્ય વૈભવ અને ઐશ્વર્ય દે પૂર્ણદા,
તે લક્ષ્મી અજવાળજો જીવનને, તે લક્ષ રે'જો સદા.

(અનુષ્ટુપ)

પરમાર્થ અને સ્વાર્થ બંનેનો મેળ જીવને,
પ્રેરાવવા મળી લક્ષ્મી વપરાજો રૂડી રીતે.

## નાગદેવતાની પ્રાર્થના

કર્મનો દોષ જો કોઈ,
નાગદેવ ક્ષમા કરી;
દેખા દેશો ન કોઈ દી
તને યાચું ફરી ફરી.

(ઘીનો દીવો કરી નાગદેવતાને નમસ્કાર કરી, ઉપરનો મંત્ર પાંચ વાર ભાવનાથી રટીને તે પછી ઘીનો દીવો પાણિયારે મૂકવો.)

## શ્રાદ્ધ પ્રસંગે કરવાની પ્રાર્થના

પિતૃઓને સ્મરી પ્રેમે ભાવથી પ્રાર્થના કરી
કલ્યાણ કરતા રે’જો જીવને લક્ષ્ય પ્રેરવી.

## સ્વજનના મૃત્યુ બાદ કરવાની પ્રાર્થના

(મૃતાત્માના કલ્યાણ માટેની પ્રાર્થના)

(વ્યક્તિગત રીતે કે કુટુંબના સભ્યોએ સાથે મળીને સવાર-સાંજ સોળ દિવસ સુધી કરવાની પ્રાર્થના. ઓછામાં ઓછી ૩૦ મિનિટ કરવી જોઈએ. સ્થળ ને સમય નિશ્ચિત રાખવા જોઈએ.)

(શિખરિણી-મંદાક્રાન્તા)

ગયેલા આત્માને મનહૃદયથી આપજે શાંતિ પૂરી,
બધી રીતે એનું પ્રભુ ! કરવજે સર્વ કલ્યાણ શ્રીજી !
બધાં જીવો સાથે ગત જીવનમાં જે થયેલો સંબંધ,
કરાવી દ્યો એને સહુ તરફથી સાવ નિશ્ચિંત મુક્ત.

- શ્રીમોટા

# શાંતિપ્રાર્થના (અંજલિ ગીત)

## મૃતાત્માના કલ્યાણ અર્થે

હે નાથ, જોડી હાથ પાયે પ્રેમથી સૌ માગીએ,
શરણ મળે સાચું તમારું એ હૃદયથી માગીએ,
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

વળી કર્મના યોગે કરી જે કુળમાં એ અવતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભક્તિ કરે,
લખચોરાશી બંધનોને લક્ષમાં લઈ કાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

સુસંપત્તિ, સુવિચાર ને સત્કર્મનો દઈ વારસો,
જનમોજનમ સત્સંગથી કિરતાર પાર ઉતારજો,
આ લોક ને પરલોકમાં તવ પ્રેમ રગરગ વ્યાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

મળે મોક્ષ કે સુખ સ્વર્ગનાં આશા ઉરે એવી નથી,
દ્યો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભાવથી,
સાચું બતાવી રૂપ 'શ્રીરણછોડ' હૃદયે સ્થાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

# દૈનિક ક્રિયા સાથે કરવાની પ્રાર્થનાઓ

## ૧. શૌચ જતી વેળાની પ્રાર્થના

મનની ગ્રંથિઓ સૌ ને પ્રાણની કામના સહુ,
દેહની જડતાઓને દૂર તું કરજે પ્રભુ !

કામ, ક્રોધ, મદ, મોહ, લોભ ને મત્સર મારા જજો.
હૈયેથી સૌ દૂર થજો મુજ એષણાઓ.

## ૨. કચરો-પૂંજો કાઢતાં, વાસણ ઊટકતી વેળાની પ્રાર્થના

થાજો, પ્રભુ ! મન હૃદય મમ સ્વચ્છ આવાં.

## ૩. કસરત કરતી વેળાની પ્રાર્થના

આધાર શુદ્ધિ કરજે તવ યંત્ર થાવા,
દે પ્રેમભક્તિ શ્રદ્ધા હનુમાન જેવાં.

આત્મકલ્યાણ અર્થે આ સ્વાસ્થ્ય-શુદ્ધિ-ક્રિયા થજો.

## ૪. પાણી-ચા-દૂધ વગેરે લેતી વેળાની પ્રાર્થના

આવો હૃદે જીવન ચેતનશક્તિ આવી.
જાગો હૃદે જીવન ચેતનશક્તિ આવી.

## ૫. નદી-સરોવરમાં સ્નાન કરતી વેળાની પ્રાર્થના

વ્હેજો હૃદે જીવન ચેતનશક્તિ આવી.
વ્હેજો હૃદે પુનિત પ્રેમપ્રવાહ આવો.

## ૬. ધ્યાનમાં બેસતાં પહેલાં કરવાની પ્રાર્થના

કૃપાગંગા તારી નીરવ કરજો મુજ મન પ્રભો.

## ૭. પૂજાપાઠ-ધ્યાનજપને અંતે કરવાની પ્રાર્થના

જે કંઈ થયા સહુ કરે તવ શક્તિથી એ,
ને પાછું તે પદ સમર્પણ સૌ કરાજો.

## ૮. જમતી વેળાની પ્રાર્થના

(શાર્દૂલવિક્રીડિત)

સ્વીકારી પ્રભુ અલ્પ અર્ઘ્ય કરજો શુદ્ધિ સહુ કોષની,
ચેતાવો હૃદે શક્તિ મુજ જીવને શી ચેતનાથી ભરી !

## ૯. દવા પીતી-લેતી વેળાની પ્રાર્થના

સ્વાસ્થ્ય-કલ્યાણ અર્થે આ વ્યાધિનાશ દવાથી હો.

## ૧૦. હરતાં-ફરતાં કરવાની પ્રાર્થના

સંપર્ક શાશ્વત હજો તવ ચેતનાનો,
પ્રેમ-ભક્તિ-ભાવ દૃઢવી જોડી રાખો.

## ૧૧. રાત્રે સૂતી વેળાની પ્રાર્થના

જે સર્વ મારી જડતા ઊંઘમાં ન હોજો,
નિદ્રામહીં હૃદય ચેતન તારું રે'જો,
તારી સ્મૃતિ પ્રભુ ! મને ઊંઘમાંય હોજો,
ને તારું ધ્યાન હૃદે તે સમયે મને ર્‌હો.

## ૧૨. વિકાર નિવારવા કાજે પ્રાર્થના

સ્વપ્નાં વિશે વિકારોની સૂક્ષ્મતા પજવે મને,
નિવારીને પ્રભુ, એને દિવ્યરૂપે કરો હૃદે.

## ૧૩. શંકા-કુશંકા થાય ત્યારે કરવાની પ્રાર્થના

જે જે શંકા-કુશંકાઓ જે પૂર્વગ્રહ બુદ્ધિના,
કૃપાથી સૌ હઠાવીને પ્રેરજો શુદ્ધિ બુદ્ધિમાં,

થવાને ભાન હૈયાથી પ્રભુ તારા વિશે મને,
મથાવીને કૃપાથી તે પ્રેરજો ભક્તિ, હે હરે !

## ૧૪. સ્વવ્રત પાલનનું પુણ્ય બીજાને દેવા માટે પ્રાર્થના

કરેલા વ્રતનું આજે
પ્રભુ કૃપા થકી પૂરું
સમાવર્તન ભાવેથી
કરું પ્રાર્થી લળી ઊંડું.

કરેલા વ્રતનું પુણ્ય,
હૈયે ધારેલ જીવને
પહોંચજો એવું પ્રાર્થીને
અર્પું અંજલિ અગ્નિને.

## ૧૫. નામસ્મરણ (જપ યજ્ઞ)ના પ્રારંભે કરવાની પ્રાર્થના

આનંદ, શાંતિ, સમૃદ્ધિ પ્રગટો અમારા આ ગૃહે,
એવા હેતુથી પ્રાર્થીને અમે સૌ સ્મરીએ તને.

– શ્રીમોટા

# પ્રાર્થનાની અદ્ભુત શક્તિ

સાચી રીતે હૃદયની ભાવનાથી મથનાર જીવ જીવન પ્રકટાવવામાં પ્રાર્થનાના રહસ્યનું કેટકેટલું ઉપયોગીપણું છે, તે પોતે સમજે ને પ્રાર્થનાનો જ્ઞાનભક્તિપૂર્વક અંતરમાં અંતરથી આશ્રય લે. પ્રાર્થના જેવું ચેતનવંતુ ને બળવાળું બીજું સાધન નથી. હૃદયમાં હૃદયના સાચા ભાવથી આર્ત ને આર્દ્રભાવે, જે જીવ એનો આશરો લે છે, એને તેવી પ્રાર્થના કદી નિરાશ કરી શકતી નથી. એવી છે પ્રાર્થનાની અંતરતમ શક્તિ. જીવનવિકાસની સાધનામાં હૃદયથી કરાયેલી પ્રાર્થના ઘણો ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. કિંતુ જીવની કેવી પરમ લાચારી છે કે એને પ્રાર્થનાનું શરણું લેવાનું કદી પણ સૂઝતું નથી ! કોઈક જીવ કરે છે, તો તે પણ કેવી લૂલી લૂલી, કંઈ પણ કશા પ્રાણ વિનાની ! જ્યારે કંઈક સાચી પૂરી ગરજ જાગે, કંઈક ઊંડું ઊંડું દર્દ થાય, ને ઘણું ઘણું સાલવા માંડે, ત્યારે જે પ્રાર્થના થાય છે, તેમાં પણ દર્દથી જે પ્રાર્થના થાય છે, એટલે કે જે પ્રાર્થનાના ભાવમાં અંતરનું દર્દ વ્યક્ત થાય છે, તેવી પ્રાર્થનાનો ભાવ કઈ ઑર હોય છે. માટે આપણે તો જેમાં ને તેમાં એ વહાલાને હૃદયમાં પ્રાર્થનાથી પોકાર્યા જ કરવાનો છે. પ્રાર્થનાથી જેને જે બળ પ્રકટે છે, જે આત્મવિશ્વાસ પ્રકટે છે ને જીવનના સાચા આધારની જે ખબર પડે છે, તે પ્રાર્થનાનું સાચું શરણું સાચી રીતે સમજી શકે છે. આ જીવે તો પ્રાર્થના કરી કરી જીવનમાં

રચનાત્મકપણું એની કૃપાથી પ્રકટાવવાનું કરેલું છે. માટે કદી પણ લાચાર બનવું નહિ. લાચારી દર્શાવવાની હોય તો તે એકલા આપણા વહાલા પ્રભુ પાસે જ હોય. કંઈક કશું થતાં પ્રાર્થના કરવી. મનને કદી પણ ગ્લાનિમાં ગરકાવ થઈ જવા ન દેવું. મનની શાંતિ, પ્રસન્નતા, સમતા, ધીરજ વગેરે તો જેમ અખંડ જીવતા રહે એમ પ્રભુકૃપાથી મથવાનું છે.

પ્રાર્થનાથી કેવી કેવી ગેબી મદદ મળે છે, તેનો અનુભવ જ્યારે જીવનમાં પ્રગટે છે, ત્યારે તે પોતે કંઈ કશાથી કદી ગભરાઈ જતો નથી. ગૂંચ, મુશ્કેલી, ઉપાધિ, ક્લેશ, સંતાપ વગેરે વગેરે પ્રગટતાં તે મુંઝાઈ જતો નથી. તે તેવી પ્રાર્થનાનું શરણું ગ્રહણ કરે છે, ને પોતે પાછો સનાથ બને છે. સંસારવહેવારવર્તનમાં આપણાથી ઘણી ઘણી વેળાએ અનાથ બની જવાના પ્રસંગો પડ્યા જ કરે છે. પણ તેવી વેળા સનાથ છીએ તેનું જ્ઞાનભાન તેવા તેવા પ્રસંગમાં પ્રગટ્યાં કરે, તો જે જે પ્રસંગો આપણને અનાથ કરાવવા મથતા હોય, એને આપણા હૃદયના સનાથપણાની હૂંફ, ઓથ ને સહાનુભૂતિથી એને, એટલે કે તેવા તેવા પ્રસંગના હેતુને, તે એળે બનાવી દે છે. ફરી પાછા આપણે તેનાથી વધારે તેજસ્વીપણાવાળાં પ્રકટ્યાં કરીએ છીએ. એવી છે પ્રાર્થનાની અદ્‌ભુત શક્તિ.

('જીવન પોકાર' પૃ.૭૧)

## પ્રાર્થના ક્યારે ફળે ?

બાળક, મા પાસે માગ્યા કરશે, બાપ પાસે નહિ માગે. માનું દિલ બાળકમાં સંકળાયેલું હોય છે. જેવી રીતે બાળક માની સાથે એકરસ-એકદિલ હોય છે, એવી રીતે આપણે ભગવાન સાથે એકદિલવાળા થઈ જઈએ તો આપણી માંગણી સંતોષાય, એવો ભક્તનો અનુભવ છે, પણ આવું ક્યારે બને ? આપણે બાળકના જેવા નિર્દોષ, રાગદ્વેષ વગેરેથી મુક્ત થઈએ ત્યારે ભગવાન આપણી માંગણી પૂરી કરે.

## પ્રાર્થનાનો હેતુ

(હૃદયમાં વિરાજતા પ્રભુ સાથેનો સંબંધ દૃઢ અને જીવંત કરવો.)

(અનુષ્ટુપ)

સહાનુભૂતિનું તત્ત્વ, આત્મીયતા જ જીવને,
પ્રાર્થનાથી દૃઢીભૂત થાય છે દૃઢ નિશ્ચયે,
અત્યંત વ્યગ્રતા થાય વાતાવરણ એવું જ્યાં,
ભજન-પ્રાર્થનાદિનું ભાવે સાધન લેવું ત્યાં.

## જીવનનો હેતુ ફળાવવા જાગૃતિ માટે

(અનુષ્ટુપ)

જે કાજે ઊતર્યા નીચે, તે હેતુને ફળાવવા,
પ્રભુ ! જગાડતો રે'જે, હૈયે મને ઉગાડવા.

# જીવનમાં ગુણભાવ પ્રગટાવવા માટે

(અનુષ્ટુપ)

'આંતર-જાગૃતિ પાકું થવા ઉત્થાન જીવને',
એવા જીવન-હેતુનું જાગજો ભાન તો હૃદે.

## મનને સ્થિર કરવા

આડુંઅવળું જોવાતાં, આડફંટે જતાં મન,
તને છે પ્રાર્થના મારી, 'રોકાજો તુજ તે પદ.'

## પ્રસન્ન ચિત્ત રહેવા

કૈં ઉદ્વિગ્ન થતાં ચિત્ત, જગાજો ત્યાં સફાળું તે,
પ્રસન્નચિત્ત રે'વાને, મથાજો અમથી હૃદે.

## ક્લેશ થતાં

ટંટો, ક્લેશ, અશાંતિથી, આવરાઈ જતાં દિલ,
તેનું ભાન થજો તીવ્ર-એવી છે પ્રાર્થના તને.

## અન્યાય થતાં

કોઈને કાંઈ અન્યાય, થજો જીવનમાં નહીં.
સહેવાજો જ અન્યાય, કરેલો કોઈનો ચહી.

## દ્વેષ નિવારવા

સદ્‌ભાવ હો બધાં પ્રત્યે, અસૂયા, દ્વેષ, વેર તે,
જીવને મુજને ના હો - પ્રાર્થના એવી છે તને.

## આગ્રહો નિર્મૂળ કરવા

આગ્રહો ને મડાગાંઠો, ટેવ સમજણો બધું,
થવા નિર્મૂળ મારાથી, મથાવા પ્રેરજો પ્રભુ !

## ખમીર પ્રગટાવવા

ખબરદારી, ખુમારી ને ખમીર ગુણ જીવને,
જીવતાં પ્રગટેલાં હો, એવી છે પ્રાર્થના તને.

## ધૈર્ય ટકાવવા

ધૈર્ય, સાહસ ને હામ જીવનવ્યવહારમાં-
જીવતાં ટકજો નિત્યે- તને છે મુજ પ્રાર્થના.

## એકાગ્રતા ટકાવવા

ઊંડી એકાગ્રતા હૈયે, ટકે સોંસરવી નરી,
યત્ન જાગ્રત એવા તે, થયાં સૌ કરજો ચહી.

## સ્વસ્થતા જાળવવા

સ્વસ્થતા જળવાઈને પ્રસન્નચિત્ત શાંતિ ને,
શાતા, એકાગ્રતા પૂર્ણ, પ્રભુ, પ્રસરાવજે હૃદે.

## ભક્તિ કાજે

હૃદય, મન, ભક્તિથી રંગાયેલાં રહો પદે,
ચિત્ત, બુદ્ધિ, અહં, પ્રાણ ઠરો તે પાદપંકજે.

## કર્મ કરવા માટે

રચ્યાપચ્યા રહેવાજો સદાય મસ્ત કર્મમાં,
કદી પ્રમાદ સેવાજો મારાથી સ્હેજ વાર ના.
કર્મ જે કરવાનું છે, જીવતું લક્ષ તે વિશે,
એકધારું રહો મારું-એવી છે પ્રાર્થના તને.
મળેલાં કર્મમાં લક્ષ, ટકાવાને પૂરેપૂરું,
મથાજો અમથી ખંતે પાર ઉતારવા રૂડું.
કર્યા કરું બધું જે તે પ્રભુ પ્રીત્યર્થ ભાવથી,
સમર્પણ થતાં તે તે, કરાજો પદમાં સ્તવી.
યદ્વાતદ્વા, કશું કાંઈ, અમારાથી થજો નહીં,
ગોટાળા ગડભાંજોમાં, પડાજો ના અમો થકી.

## અનિષ્ટની આંધીવેળાએ

દુઃખોની ને અનિષ્ટોની અનિચ્છનીય એવી જે,
આંધીમાંથી કૃપાથી તું, પાર ક્ષેમ ઉતારજે.

## હામ પ્રેરવા

વિઘ્ન, મુશ્કેલી, આપત્તિ, સંસારે આવવાની છે,
માથું ઊંચું રખાવાને તે વેળા હામ પ્રેરજે.

## શક્તિ પ્રેરવા

વિપત્તિ સંકટો સામે, મર્દાનગીથી મુજને,
ટકી રહેવા ટટારીથી, પ્રેરજો શક્તિ જીવને.
'વિધિવિધાન' પૃ. ૮૬,૮૭,૮૮ - શ્રીમોટા

# નિત્ય પ્રાર્થના
## (ગઝલ)

હૃદયમાં તું પ્રભુ મુજને, જીવનનું ભાન સ્ફુરવજે,
જીવનમાં વર્તવું કેમ, ખરું તે ભાન પ્રેરવજે.

અસત્-સત્ તે ઉભય કેરો, હૃદયવિવેક પ્રેરાવી,
જીવનનો માર્ગ સાચો તે, બતાવી મુજને દેજે.

જીવનની ભુલભુલવણીમાં, પડાતાં ભૂલું પથ જ્યારે,
મને રસ્તો સુઝાડીને, ફરી માર્ગે ચઢાવી લે.

સ્મરણ તારું હૃદય કરવા, મને ગોદાટતો રહેજે.
સ્મરણમાં રાચતો રહેવા, મને ધક્કેલજે નિત્યે.

\- શ્રીમોટા

# પ્રભુસ્મરણ કાજે પ્રાર્થના

## (ગઝલ)

મને સંભારતો રે'જે, હૃદય મુજ વાસ તું કરજે,
જીવનમાં તું સતત મારી, હરિ ! રક્ષા જરૂર કરજે...૧

જીવનમાં સર્વ સંભાળ, જરૂર લેતો સદા રે'જે,
તને સંભારવાનું દિલ, રખવજે મારું તું નિત્યે...૨

સ્મરણ તારું હૃદય કરવા, મને ઉત્સાહ દિલ દેજો,
ભુલાતાં દિલથી તુજને, મને મન સોય ભોંકવજો...૩

સ્મરણને જિંદગાનીનું ચરણ-અમૃત જાણીને,
સ્મરણજળમાં નહાવાને, મને તું પ્રેરતો રે'જે...૪

હૃદય સંતોષવા તુજને, તું સદ્‌બુદ્ધિ મને દેજે,
થતી ભૂલચૂક મારી સૌ, જતી કરજે, જતી કરજે...૫

અનેકે દોષ મુજથી તો, થયા કરતા જીવનમાં તે,
ભલે શિક્ષા કરીને પણ, ક્ષમા મુજને કરી દેજે...૬

હૃદય તુજ યાદ ધરવાને, મને ચાનક લગાડી દે,
સ્મરણ તારું થવા મુજને, સદા તું ટોકતો રહેજે...૭

ભુલાતાં તે સ્મરણ તારું, હજારો વીંછીના ડંખે,
શરીરમાં વેદના ઉગ્ર, તું પ્રગટાવી સીધો કરજે...૮

– શ્રીમોટા

# અનેરો પ્રેમ
## (ગઝલ)

તમારામાં સમાવાને હૃદયની ઝંખના ભારે,
જગા જરી ત્યાં કરી આપો વિનંતી એટલી તમને...૧

નથી આ આંધળો પ્રેમ બધુંયે દેખનારો છે,
હજારો આંખ એને છે, હજારો હાથ-પગ એને...૨

હૃદય બંનેય જોડવવા અભેદે એકલું રે'વા,
વિના તે સ્વાર્થ એને ના, બીજી કો ઝંખના છે ના...૩

મને ઉર મહોબતે પૂરું ગળી જાવાનું મન રુચે,
સદા સંગત પ્રભુ તેવી કૃપાથી આપતો રે'જે...૪

અમારો પ્રેમ રાજા છે, અમે ગુલામ એના તો,
મઝાથી ત્યાં રહેવાનું ખપે ના કંઈ લવારો ત્યાં...૫

તમારો પ્રેમ માગું છું, તમારો ચાહ માગું છું,
હૃદય ઘૂંઘટ જરા ખોલી પ્રવેશાવો હૃદે, ઈચ્છું...૬

સ્વરૂપ જો પ્રેમનું સાચું હૃદય સમજી તમે અમને,
સમજવા ત્યાં મળ્યા કરશો, બધું તો પાંસરું પડશે...૭

જગતમાં પ્રેમની ગાદી સમી ગાદી ઊંચી કો ના,
અમારે પ્રેમના તખ્તે બિરાજી રાજ્ય કરવું છે...૮

– શ્રીમોટા

# વંદુ હૃદયના ભાવથી
## (હરિગીત)

વંદુ હૃદયના ભાવથી, ગુરુદેવ તુજને સર્વદા,
ઓ તાત ! તારા બાળને, સંભાળજે એ પ્રાર્થના. વંદુ૦

માતા બની મુજ રંકની, પાજે અમી વાત્સલ્યનાં,
બંધુ સખા સગપણ સહુ, સાચાં તમારા ભાવનાં. વંદુ૦

કોટિ કરું હું યત્ન તોયે, ફાવતો મુજ દાવ ના,
દેજો કૃપાનાં દાન અમને, દીનની એ યાચના. વંદું૦

થાકું જહીં મુજ વાટમાં, ને ક્યાંય કોઈની આશ ના,
સિંચો અમી તુજ પ્રેમનું, તૃષાર્ત આ મુજ કંઠમાં. વંદુ૦

વહેજો હૃદે તુજ ભક્તિ કેરાં, નીર તીર્થ સલિલ શાં,
મમ ચિત્ત બુદ્ધિથી પ્રભુ, પામી રહું તુજ એકતા. વંદુ૦

આળોટવું તુજ અંકમાં, કેવું પરમ સૌભાગ્ય હા !
તુજ અંકની શી હૂંફ, મીઠી પાવની એ મુક્તિદા. વંદુ૦

‘હરિ રસ લહરી’, પૃ.૨૮ - સરોજબહેન કાંટાવાળા

# સ્મરણભાવના
## (હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી. ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવન અંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતી મહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિત્તના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીર કેરા રોમરોમે, હૃદય કેરા લોહીમાં,
રગરગ મહીં, નખશિખ મહીં, ને શરીરનાં નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૬

ખટરસ તણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત્ત પ્રેરણા મહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આ રડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં. ૮

જીવન તણા સહુ ભંગમાં, જીવન તણા સૌ રંગમાં,
જીવન તણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવન ભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં. ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચિત્તમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છો ને પરોવાયેલ હો,
તે તે દશામાં હે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો. ૧૦

પ્રિય નામ-સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવન અંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની. ૧૧

સારાય જીવન પટતણા, તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા. ૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું,
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું. ૧૩

'શ્રી ગંગાચરણે', પૃ.૨૯ - શ્રીમોટા

# નિત્ય પ્રાર્થના

કર્મે, મને, શરીર, વાચ, પગેથી, હાથે,
ને આંખ, કાનથી ગુના બહુ મેં કર્યા છે,
દેજે વિસારી, શરણાગત જાણી તે તું,
આ એટલી અરજ દીન તને કરું હું.

છો પુત્ર દુષ્ટ, પણ લે નિજ માત અંકે,
ને શિષ્યનું જતું કરે ગુરુ જેમ પ્રેમે,
સૌ વાંક માફ કરીને, ત્યમ જો મને તું,
આ એટલી અરજ દીન તને કરું હું.

જો દોષ દેખી કદી ઓસરશે પ્રભુ, તું,
તો કોણ મુક્ત કરશે પતિતો, વિના તું ?
સ્હાજે ખરે અવસરે કર રાંકનો તું,
આ એટલી અરજ દીન તને કરું હું.

સંબંધી ને સ્વજન, દી વસમો જ આવ્યે,
રે'શે બધાંય અળગાં પ્રભુ, હુંથી જ્યારે,
ત્યારે ભૂલી નવ જતાં મુજ ભાળ લેજે,
આ એટલી અરજ દીન તને કરું હું.

લૂંટલૂંટા જ્યહીં જ ભક્તિ રસે પડે છે,
તું સંગી સંગત મને પ્રભુ, તેવી દેજે,

રે' પાદપદ્મ મન નિશ્ચળ એ જ માગું,
ઉદ્દેશ્ય 'તું' ઉર ધરી શરણે ઢળ્યો છું.

માથે સમર્થ ધણી છે પ્રભુ, એમ જાણી,
નિશ્ચિંત હું રહું પડ્યો પ્રભુ, સોડ તાણી,
જાણું ન કૈં કરવી શેં તુજ પ્રાર્થના હું,
ગાંડાની જેમ બકવાટ કર્યા કરું હું.

આધાર આશ્રય જગે પ્રભુ, રાંકનો તું,
એવા તણા ચરણ છોડી જ જાઉં ક્યાં હું ?
સાહ્યા પ્રભુ, ચરણ તે કદી હું ન છોડું,
થાવું કૃપા થકી ભીનું, જ્યમ મેહ રોડું.

પાડ્યા કરીશ પ્રભુ, બૂમ તને હું નિત્યે,
ના આપશે જ્યહીં સુધી પ્રભુ, માગું હું જે,
કંટાળતો પ્રભુ, રખે કંઈ તેથી, જોજે,
છોરું ગણી તુજ, મને પ્રભુ, અંક લેજે.

કોટી પ્રણામ તુજને મુજ રાંકના છે,
બીજું કશું મુજ કને નવ અર્પવાને,
આશિષ ઊંડી ઉરની મુજને દઈ તું,
વર્ષાવી પ્રેમજળ આ દિલ ઠારજે તું.

'તુજચરણે' — શ્રીમોટા

# સંભારે છે પ્રભુને જે...

‘પ્રભુનું નામ લીધા તે સતત કરજો હૃદયમાંહે,
પ્રભુ સારું બધું કરશે, હૃદય વિશ્વાસ ધરજો તે.’

❍

‘જીવનનો બધો ભાર, જેના શીતળ છાંયડે,
ખંખેરી માનવી નાંખે, એવું તો સંતવૃક્ષ છે.’

❍

‘નિરંતરે ભજે ભાવે, હરિને જે ઊંડું હૃદે,
તેને બધી રીતે, સંભાળે છે જ જીવને.’

❍

‘કૃપાથી જો સરે કામ, એવું જો ઇચ્છતા જ હો
કૃપાના કરનારાની સાથે સંબંધ કેળવો.’

❍

‘તારી ચિંતા તું કરે, એથી વિશેષ હરિ કરે.’

❍

‘સંભારે છે પ્રભુને જે, સંભાળતો પ્રભુ તેહને.’

- શ્રીમોટા

# અખંડ સ્મરણ માટે પ્રાર્થના

(ભુજંગી)

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિત્તના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીર કેરા રોમરોમે, હૃદય કેરા લોહીમાં,
રગરગ મહીં, નખશિખ મહીં, ને શરીરનાં નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.

# પૂ.શ્રીમોટાના જન્મદિન/પ્રાગટ્યદિન
# મંગલાષ્ટક
(શાર્દૂલ વિક્રીડિત)

આજે મંગલ ચોથના શુભ દિને કોટિ પ્રણામો તને,
સો સો તું શરદો જીવો જગતમાં એ પ્રાર્થીએ સૌ અમે.
કોટિ સૂર્ય સમા પ્રકાશદીપથી મુક્તિ સદેહે મળી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી...૧

તારા મંગલ જન્મથી બની ગયાં શાં ધન્ય માતાપિતા,
તારા ચેતન-જન્મથી સુરગણો આનંદભાગી બન્યા.
સ્વર્ગેથી સુરગંગ આજ તુજ શાં પાયો પખાળી રહી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી...૨

પ્રીતિ પૂર્ણ પ્રભુ મહીં તવ રહી, ને ભાવ અદ્વૈતમાં,
સાક્ષાત્કાર કરી અનંત પ્રભુનાં તેં ગાન સુણાવિયાં.
તારી પૂર્ણ કૃપા વડે વહી રહી ધારા હરિનામની,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી...૩

આત્માનંદ મહીં સદા વિચરતા રહેતા છતાં અંગમાં,
અજ્ઞાતે રહીને તમે શિખવીયાં આદર્શ મોંઘામૂલા.
કીર્તિ કે સ્તુતિની કરી ન પરવા ના નામના તેં ચહી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી...૪

મોચ્યાં પાપ અમાપ તેં અમ તણાં વૃષ્ટિ કરી ભાવની,
તારી પ્રેમલ પાંખમાં સ્વજન સૌ પામ્યાં શીળી છાંયડી.
મીઠો સ્નેહ દીધો ધરિત્રી સમ તેં વાત્સલ્ય-મૂર્તિ બની,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી...૫

સૌના દોષ અસંખ્યને અવગુણો ચિત્તે લીધા ના કદી,
સત્કર્મો કરવા તણી જીવનમાં તેં પ્રેરણા શી દીધી.
કસ્તુરી સમ મ્હેંકતી તુજ તણી સુવાસ ફેલાયેલી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી...૬

આજે મંગલપર્વને ઉજવવા સૌ પ્રેમી ભેગાં મળ્યાં,
ભાવોની શુભ અંજલિ સમર્પી સદ્‌ભાગ્યશાળી બન્યાં.
આત્માના પ્રતિબિંબની તુજ છબી આજે અલૌકિક શી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી...૭

હૈયાના મુજ હેતનું તિલક હો ને ભાવની દક્ષિણા,
અર્ચા હો મુજ સ્નેહની તવ પદે ને દિલની વંદના.
પુષ્પો મંગલ ભાવનાં શુભગ્રહી ને ઉર તારે ગૂંથી,
માળા આ મુજ પ્રીતની ધરી રહું, સ્વીકારજો પ્રેમથી...૮

- પુષ્પાબેન દલાલ

# ગુરુપૂર્ણિમા મંગલાષ્ટક

(શાર્દુલવિક્રીડિત)

શીળી ચેતન ચાંદની વરસતી આજે ગુરુપૂર્ણિમા,
અંધારા જીવને પ્રકાશ ભરતી તારી ગુરુચેતના.
આજે હો ગુરુવર્યને હૃદયના ભાવોર્મિની વંદના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૧

તારો નિર્મળ સંગ-સાથ જીવને ઉર્ધ્વે ગતિ પામવા,
તારી ગોદ હૂંફાળને શુભ સદા શાંતિપ્રદા મોક્ષદા.
મીઠીને કરુણામયી તવ કૃપા પ્રેમાગ્નિ કેરી શિખા,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૨

તારા પાવક સ્પર્શથી હૃદયમાં જાગો પ્રભુઝંખના,
અજ્ઞાની જડતાભર્યાં જીવનમાં હૈયે વહો ભાવના.
ઊર્ધ્વારોહણ હો સદા જીવનનું આ નિમ્ન સંસારમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૩

સંસારે તરતી રહો જીવનની નૌકા પદે પ્રાર્થના,
ડૂબું ના ગુરુદેવ ! આ ભવજલે અગાધ ઊંડાણમાં.
દ્વંદ્વોથી ભરપૂર આ જીવનમાં પ્રેમૈક્યતા પામ્યા,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૪

કેવી આ મન-પ્રાણ ને તન તણી લાખો ઊઠે કામના,
સંસારી સૌ ક્ષુદ્ર શુષ્ક સુખની હૈયે જલે વાસના.
મેલી આ મનની ગતિ શમી જજો તારા ઊંડા ભાવમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૫

કોટિ કોટિ કરું સદા ગુરુપદે ભાવોર્મિની વંદના,
પૂજા હો પદપંકજે હૃદયની પુષ્પો ખીલ્યાં ભાવનાં.
તારા મંગલ સંગથી જીવનમાં જાગો પ્રભુઝંખના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૬

દેજો હે ગુરુદેવ ! આજ દિલની કલ્યાણકારી દુવા !
પ્રકૃતિ મમ નિમ્ન ઉર્ધ્વ કરજો તારી કૃપા-ચેતના.
જન્મોજન્મ ભજું પ્રભુચરણને વગે થજો સાધના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૭

હૈયાના ગુણભાવની તવ પદે અર્પું ગુરુદક્ષિણા,
વ્હેજો આ ગુરુભાવગંગ હૃદયે એવી પદે પ્રાર્થના.
ચેતાવી શુભ પ્રેમયજ્ઞ જીવને તારી કરું અર્ચના,
આહુતિ દઈને સદાય દિલની પામું તને સર્વદા ! ૮

# પૂજ્યશ્રી મોટાના સાક્ષાત્કાર દિને (રામનવમી)
# પ્રેમાંજલિ - મંગલાષ્ટક

(શાર્દુલવિક્રીડિત)

આજે મંગલ નૉમની શુભ ઘડી ચૈતન્ય રેલાવતી,
સાષ્ટાંગે પ્રણમું ગુરુ ! તવ પદે, ભાવોર્મિ હૈયે ભરી;
સાક્ષાત્કાર થયો અનંત પ્રભુનો આનંદ-ધારા વહી !
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૧

તારા પ્રેમ-પ્રભાવની જગતમાં કારુણ્યધારા વહી,
તારા મંગલ સંગથી સ્વજનની ઉર્ધ્વે ગતિ થાય શી !
આજે પ્રેમભર્યા પ્રફુલ્લ હૃદયે પ્રાર્થું પદોમાં નમી,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૨

તારી દિવ્ય કૃપા વહો જીવનમાં માંગલ્ય રેલાવતી,
તારી મંગલ પ્રીતની હૃદયમાં ગંગા વહો પાવની;
શુદ્ધિ હો મન-પ્રાણ ને તન તણી રૂપાંતરે પ્રેરતી.
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૩

તારા ચેતન-યોગથી હૃદયમાં માળા ફરો રામની,
મીઠા મંગલ રામના સ્મરણથી સંતાપ જાજો ગળી;
શાંતિપૂર્ણ પ્રસન્નતા પ્રગટજો ભાવાશ્રુની અંજલિ,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૪

શ્રદ્ધા-જ્યોત અખંડ આજ પ્રગટો ઊજાસ રેલાવતી,
પંથે હો ધ્રુવ-તારલી જીવનની કેડી ખરી ચીંધતી;
તારા પ્રેમલ અંકની ભવ-રણે મીઠી મળી વીરડી,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૫

ચેતાવો પ્રભુ પ્રેમ-યજ્ઞ જીવને જ્વાલા જલો ભાવની,
એમાં દ્વંદ્વ જલાવીને જીવનનાં એકત્વ સાધો હરિ !
સદ્‌ભાવે સમતા સુમેળ ધરીને પ્રેમૈક્યતા પામવી,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૬

કોટી સૂર્ય સમી પ્રભા વિલસતી તારા લલાટે હરિ !
આજે ધન્ય ઘડી પ્રભુ-મિલનની મુક્તિ સદેહે મળી;
એવા મંગલ પર્વની હૃદયમાં સ્મૃતિ રહો જીવતી,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૭

આજે મંગલ ભાવનું તિલક હું તારા લલાટે કરી,
અર્પુ પૂજનમાં ગુરુ ! તવ પદે આ દક્ષિણા ભાવની;
અર્પુ જીવન-અંજલિ પ્રભુપદે વૈરાગ્ય-ભાવે ભરી,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૮

- સરોજબહેન કાંટાવાળા

# પૂજ્ય શ્રીમોટાના સાક્ષાત્કાર દિને (રામનવમી) મંગલાષ્ટક

(શાર્દુલવિક્રીડિત)

આજે મંગલદિવ્ય રામનવમી માંગલ્ય રેલાવતી,
સાક્ષાત્કાર થયો અનંત પ્રભુનો ચૈતન્ય ધારા વહી.
આજે હો ગુરુવર્યને હૃદયની પાદામ્બુજે અર્ચના,
ચેતાવો પ્રભુ પ્રેમજ્યોત જીવને તારી ગુરુ ચેતના. ૧

પામ્યા જે સ્થિતપ્રજ્ઞની વિરલ શી શાંતિ હૃદે શાશ્વતિ,
આજે ગાઉં પ્રશસ્તિ હું હૃદયથી આ કર્મયોગી તણી.
નિર્મોહી નહીં રાગદ્વેષ હૃદયે જેને કદી સ્પર્શતા,
ના ભોગી નહીં કામ ક્રોધ મદને ના ઊઠતી કામના. ૨

જેના અંતરમાં અતૂટ સમતા ના છે કશીયે સ્પૃહા,
આનંદી સુખ દુઃખ દ્વંદ્વ પર જે નિત્ય રમે ભાવમાં.
યોગીએ જલપદ્મ શા જીવનમાં નિર્લેપ નિત્ય શુચિ,
આત્માનંદ મહીં સદા વિહરતા મુક્તિ સદેહે લહી. ૩

આસક્તિ નહિ લેશમાત્ર જીવને જેને કદી બાંધતી,
દિવ્યાનંદ મહીં સદાય રત જે એવી સમાધિ સ્થિતિ.
નિષ્કામી પ્રભુયંત્ર નિત્ય બનતાં કાર્યો જગે આચરે,
ચેતાવો પ્રભુ પ્રેમયજ્ઞ જીવને કલ્યાણ સૌનું કરે. ૪

રોમેરોમ પ્રફુલ્લતા પ્રગટતી જેને પ્રભુમસ્તીની,
અંગે અંગ થકી ઝરે જીવનનું ચૈતન્ય જેના મહીં.
એવા જીવનમુક્તને હૃદયની પાદામ્બુજે અર્ચના,
ચેતાવો પ્રભુ પ્રેમજ્યોત જીવને તારી ગુરુચેતના. ૫

જેની મંગલ છત્રછાંય જીવને શાંતિપ્રદા મોક્ષદા,
જેની પાવન ગોદ તો ભવરણે શક્તિપ્રદા પ્રાણદા.
એવા જીવનમુક્તને હૃદયની પાદામ્બુજે વંદના,
ચેતાવો પ્રભુ પ્રેમજ્યોત જીવને તારી ગુરુચેતના. ૬

તારા મંગલ દેહના વિલયથી ચૈતન્ય જ્યોતિ જલી,
તારા મંગલ જન્મને મરણની માંગલ્ય ગાથા રચી.
આજે હો ગુરુવર્યને હૃદયની પાદામ્બુજે અર્ચના,
ચેતાવો પ્રભુ પ્રેમજ્યોત જીવને તારી ગુરુચેતના. ૭

અર્પુ મંગલ પ્રાર્થના તવ પદે તારી કૃપાથી રચી,
તારા ચેતન દાનથી જીવનની ભાવાંજલિ અર્પવી.
વાવ્યાં ચેતનબીજ તેં જીવનમાં ફાલીફૂલીને ફળો,
તારી દિવ્ય કૃપા વડે જીવન આ સર્વાંગ સંપૂર્ણ હો. ૮

હરિઃ ૐ

# શ્રીસાંઈસ્તવન

(ભુજંગી)

નમું છું નમું, સાંઈબાબા તને હું,
સ્મરું છું સ્મરું, સાંઈબાબા તને હું,
ભજું છું ભજું, સાંઈબાબા તને હું,
સ્તવું છું સ્તવું, સાંઈબાબા તને હું. ૧

તને કેટલીવાર, બોલાવું ભાવે,
તું પોતાનું મારું સગું એકલું છે,
હૃદે ભાવ જાગે જ, સંભારતામાં,
મને પ્રેમ શો જાગતો માત્ર તુંમાં ! ૨

પિતા માત મારાં ખરાં, આ જગે તું,
ન તારા વિના કોઈ ક્યાંયે ન સાચું,
મને એક વિશ્વાસ તારા મહીં છે,
તું પ્હોંચાડશે પાર શ્રદ્ધા મને છે. ૩

મને આંટીઘૂંટીથી સંભારજે તું,
બધા કોયડા મુજ ઉકેલજે તું,
અશાંતિ થતાંમાં મને શાંતિ દે તું,
હૃદે હામ મુશ્કેલીમાં દે મને તું. ૪

સ્મરંતા સ્મરંતા બધાં કર્મ થાજો,
થતાં કર્મ તારે પદે સૌ અપાજો,
કશું કાંઈ છાનું ન તારાથી રે’જો,
તને સાથ રાખી બધું હુંથી થાજો. ૫

હું બોલાવવાનું કરું વારંવાર,
હું જોયા કરું છું તને વારંવાર,
સ્મર્યા હું કરું છું તને વારંવાર,
તું રે’જે સહાયે પથે વારંવાર. ૬

મને ઓથ છે એક તારી સદાયે,
મને પ્રેરતો તું રહે છે સદાયે,
મને સાથ આપી તું વિશ્વાસ પ્રેરે,
રહેજે સદા પ્રાર્થું સંગાથ મારે. ૭

તને આંખ જોયા વિના ના જ ચાલે,
તને યાદ લાવ્યા વિના કેમ ચાલે ?
મને સ્વાદ લાગો ખરો એક તારો,
તને પ્રાર્થના મારી તે એકલી તો. ૮

પથે આંધળો પંથ ભૂલું જયહીં ત્યાં,
ગ્રહી હાથ મારો સીધે રાહ લેજે,
તને દિલ હુંથી ભુલાવા ન દેજે,
તને યાચું, ‘મારી તું સામે રહેજે’. ૯

તને ઉર સ્હેજ ભુલાઈ જવાતાં,
મને ધ્રાસકો લાગજો વજ્ર જેવો,
તારા વિના બેલી કોઈ ન મારું,
હું તો એક સંગાથ તારો જ માગું. ૧૦

કરું કર્મ સંસારમાં સર્વ જે તે,
પદે અર્પી અર્પી તને ત્યાં સ્તવાજો,
મને પ્રેરીને પંથ દર્શાવજે તું,
હસાવી ફુલાવી મને રાખજે તું. ૧૧

તું વ્હાલો મને લાગતો દિલ કેવો !
મને લાગજો દુઃખ વ્હાલું સહેવું,
કૃપા તારી કેવી શી મારી પરે છે !
રહો હાથ તારા સદા શીર્ષ મારે. ૧૨

ભુલાતાં તને દિલમાં ડંખ લાગો,
ભુલાતાં તને દિલમાં લાત વાગો,
સ્મરંતા સ્મરંતા થજો સર્વ કર્મ,
સ્મરંતાં સ્મરંતા થજો, પ્રાણમગ્ન. ૧૩

રવાડે ચઢાતાં તું ચેતાવતો શો,
કહી છેતરાતાં તું સુઝાડતો શો,
કંઈ ઊંધું થાતાં સીધું તું કરાવે,
ભુલાવે પડાતાં, પથે તું ચઢાવે. ૧૪

જુદી રીતભાતો શી તારી અનેકે,
તને સાંઈબાબા સ્તવું કેવી રીતે ?
તું શો જોતજોતાં મહીં રૂપ જુદે !
પ્રભુ ફેરવાતો છતાં એકરૂપે. ૧૫

નમું છું નમું હું તને પ્રેમરૂપ,
નમું છું નમું હું તને ભાવરૂપ,
નમું છું નમું હું તને રંગરૂપ,
નમું છું નમું હું તને દિવ્યરૂપ. ૧૬

નમું છું નમું હું તને શક્તિરૂપ,
નમું છું નમું હું તને ભક્તિરૂપ,
નમું છું નમું હું તને જ્યોતિરૂપ,
નમું છું નમું હું તને સૌ સ્વરૂપે. ૧૭

- શ્રીમોટા

# શ્રી સદ્‌ગુરુ સ્વરૂપ

સદ્‌ગુરુ તો ન વ્યક્તિ છે, સદ્‌ગુરુ સ્થૂળરૂપ ના,
સ્થાનવાચક તો પોતે સદ્‌ગુરુ ક્યાંય છે જ ના.

પ્રતીક જ્ઞાન-શક્તિનું ભાવાત્મક સ્વરૂપનું,
ચેતનાત્મક પ્રત્યક્ષ શ્રીસદ્‌ગુરુ ખરેખરું.

શ્રીસદ્‌ગુરુનું સાચું તે ત્યારે સ્વરૂપ હોય જે,
દ્વંદ્વાતીત, ગુણાતીત, કાળાતીત, સ્થળાતીત.

અગોચર, અનિર્દેશ્ય, સર્વાતીત અકલ્પ્ય છે
એને સમજવા કોણ પછીથી શક્તિમાન તે ?

છે નિર્મમત્વ, નિષ્કામ, દ્વંદ્વ-ગુણ અતીતતા-
-નિરંહકારી જે એવો ચેતનાનિષ્ઠ જાણ ત્યાં.

ભોક્તા, કર્તા શું નિર્માતા, સાક્ષી અંતરમાં પૂરો,
છતાં પાછો ન દેખાતો તેવો નિત્ય સ્વરૂપમાં.

સમુદ્ર રસનો પૂર્ણ છલકાતો અપાર તે,
બિંદુએ બિંદુએ જેના રસોદ્રેક થતો જ છે.

રસ એજ ખરો સત્ય બ્રહ્મ પોતે પરાત્પરે,
રસ વિના જિવાવાનું તેથી શક્ય ન ક્યાંય છે.

ચેતનાકાશમાં એનું બેસણું શું સ્વતંત્ર છે !
પ્રતિષ્ઠા એની સંપૂર્ણ એની અખંડ ત્યાં શી છે !

સ્થિતપ્રજ્ઞથી ઊંચું તે બેસણું સદ્‌ગુરુતણું
અનંતાનંત ગામી તે ગતિસ્થાન વિકાસનું.

મળવું, ભળવું પાછું, ભળી એક થવાનું તે
-શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જાણે જે ચેતનાનિષ્ઠ હોય છે.

શૂન્યમાં શૂન્યવત્ પોતે શૂન્યાતીત છતાંય તે,
ભૂમિકા કોઈ એને ના ભૂમિકા તો અનંત તે.

સદા મંગલકારી તે કલ્યાણકારી નિત્ય તે,
છતાં એને સ્વરૂપે તે લેખામાં કોઈ ના ગણે.

પોતે પોતા' વિશે પૂર્ણ, જે તે-માં પૂર્ણતા જ છે,
પૂર્ણતા તેવી ધારીને પૂર્ણતામાં પ્રવર્તશે.

પોતાનો સ્વામી પોતે છે સંચાલિત સ્વયંભૂ છે,
દૂર દૂર જવાની ના એને જરૂર ક્યાં ય છે.

જે તે કૈં સર્વ પાસેમાં પાસે એની નજીક છે,
કૃપાની શક્તિ તો, એની નૈસર્ગિકપણે જ છે.

પોતે તો પૂર્ણ પોતામાં ! જ્ઞાને યૌવન પાંગરે,
વિકાસે નિત્ય સંવૃદ્ધિ, શૃંગાર શા નવા ધરે.

જન્મ ને મૃત્યુ હોવા તે છતાં તેને ન તેમ છે,
અખંડાકાર તેને તો જીવનનો પ્રવાહ છે.

જીવતીજાગતી જાણે પ્રત્યક્ષ સંસ્કૃતિશ્રી તે !
ચેતનાનિષ્ઠ શા એવા વિશ્વની પ્રાણશક્તિ છે.

પરંપરા વિચારોની એને કદી ન હોય છે,
તર્ક પરંપરાથી તો એને સ્ફુરતું કૈં ન તે.

ભૂમિકા અંતરે એની સાવ નિરિચ્છ રીતની,
પોતે નિષ્કામ સંપૂર્ણ, છતાં શી કામના વળી ?

એને જે કરવાનું છે, રોકવા તેથી કોઈ યે-
-સમર્થ કોઈ રીતે ના, એવો શ્રેષ્ઠ સમર્થ તે.

કર્તાહર્તા માત્ર, પોતે માધ્યમ એનું છે
-અનુભવોથી તે એને ટકોરાબંધ જ્ઞાન છે.

જે જે ગુણની જ્યાં સ્હાય ત્યારે પ્રત્યક્ષ તે ગુણ,
ચેતનાનિષ્ઠ શો યોગ્ય જેમાં તેમાં નિપુણ છે.

અદલ ન્યાયની સાથે કરુણા શી ભળેલી છે !
વિકાસ તેથી તો થાય જેનો તેનો અપાર જે.

એનું આસન ડોલાવી શકે ના કોઈ યે જરા,
એ તો નિશ્ચિત સંપૂર્ણ લીધેલા નિર્ણયે સદા.

ભક્ત, જ્ઞાની તણાં કર્મ પ્રકૃતિ ક્ષેત્રનાં ન છે,
પ્રકૃતિ-ધોરણે કોઈ શ્રીસદ્‌ગુરુ મપાય ના.
સ્પર્શ એનો બધામાં છે, છતાં નિર્લેપ પૂર્ણ છે,
બંધનો તે સ્વીકારે છે, છતાં નિર્બન્ધ તે વિષે.
એકમાં શા સમાયેલાં સ્ત્રી ને પુરુષ બેઉ છે,
અર્ધનારીશ્વર એવો છે પ્રવર્તેલ અંતરે.
એની કદીક કેવી તો ગજબની તુમાખી છે !
બેતાજ બાદશાહીનો એનો શો કેફ ઓર છે.
એવો હોવા છતાં પાછો તે કાળે એની નમ્રતા-
બહુરંગી, બહુસૂક્ત શો, એક સ્ત્રી-રૂપ છે !

-નિર્મળ કાચના જેવી શી આરપાર દર્શક !
एकमां एक સંપૂર્ણ, બહુમાં તોયે एक તે.

જ્ઞાનસભર સંપૂર્ણ બાકી મણા કશી ન છે,
જાણવાનું બધું જાણે લાગે મામુલી તોય છે.

કરે આહાર જે તે-નો અગ્નિ શો સર્વભક્ષી છે !
અલિપ્ત તે છતાં શો છે ! ચેતના નિષ્ઠ તેમ છે.

જેમાં તેમાં બધાનામાં સંપૂર્ણ ભળતો છતાં,
તાદાત્મ્ય ભાવ एवानो કેવો એકાત્મરૂપમાં !

પોતે સામા સમો જાણે એકરસે થયેલ છે,
છતાં તટસ્થ સંપૂર્ણ તે પાછો સાક્ષીપૂર્ણ છે.

જ્યારે ભાવ પ્રકાશે છે અપરંપાર અંતરે,
ત્યારે પ્રકાશ પાડે તે આધાર-કરણો વિષે;

ભાવથી આપમેળે તો શી હૈયાસૂઝ પાંગરે !
ને હૈયાસૂઝથી એવી જ્ઞાન અંતરમાં સ્ફુરે.

નિમિત્તે ચેતના કેરા एनामां ગુણધર્મ છે,
જેવું જેવું જ નિમિત્ત તેમ તે રીત વર્તશે.

હરિનો ભાવ જીવંતો જેને નિમિત્તમાંય છે,
હોવા છતાં શું નિમિત્ત બંધાયેલો ન તેથી તે.

શી તે પ્રકૃતિમાં ગૂઢ છાની અવતરે સદા;
પ્રકૃતિને શું પોતાના વેશમાં પલટાવવા !

ચેતનાનિષ્ઠનું તેવું વર્તન जीव સાથ છે,
ભક્તિ લાગ્યા વિના તેથી ના ઓળખી શકાય તે.

એનું અસ્તિત્વ જ્યાં ત્યાં છે, અણું જગા ન ખાલી છે,
પ્રત્યક્ષ બધું હોવા તે છતાં ના ભાન એનું છે.

પોતે તો એક શો હોવા છતાં અનેક કૈં પળે,
તે પ્રત્યક્ષ થયેલો છે એક સંગાથ કૈં સ્થળે.

મોખરે તત્ત્વ આકાશી જેને જીવન હોય છે,
શું અમર્યાદ આકાશ અનંત વિસ્તરેલ છે !

આકાશ તત્ત્વનો સ્વામી થતાં, આકાશને લીધે-
-ગમે ત્યાં વિસ્તરે કેવો અનંતાનંત રૂપ છે !

વહેંચાયેલ શો પોતે દિશા-વ્યક્તિ-અનેકમાં-
-બ્હાર જેવો, હૃદે ઊંડો પાછો તેવો સચેતન;

એકમાં એકથી એક અનાદિ શો સનાતન !
છે સૂક્ષ્મ ભાવે તો એનું તે રૂપ અંતર.

જેને છે ભક્તિ સંપૂર્ણ શો જોડાજોડ એહને !
બાકીનાને ખરે એ તો કરોડો ગાઉ દૂર છે.

જેવો જેમ ભજે તેને, તેવાને તેમ તે ભજે;
જેવા સાથે બને તેવો, એનું એક ન રૂપ છે.

સદ્ગુરુ-શક્તિને ભાવે શરણ એકવાર જો,
પૂરેપૂરા થયેલા હો, છેડો મૂકી કદી ન દે.

એને રીઝવવા ભક્તિ વિના બીજો ન માર્ગ છે,
એની સાથે થતાં ભક્તિ મેળે સર્વ સધાય છે.

- શ્રીમોટા

# ॥ श्रीहरि ॥

‘हरि’ના ખાલી છે બોલ, ‘हरि’ના માત્ર શબ્દ છે,
‘हरि’ ઉચ્ચાર ના ખાલી, हरि - શક્તિ અપાર છે;
સર્જાયેલી हरिથી છે સૃષ્ટિ સકળ જે ખરે,
हरि શો સર્વનો प्राण ! એવો તે મુજ प्राण છે.

हरि વિના કશું ખાલી વિશ્વમાં નવ હોય છે,
हरिથી પૂર્ણ જે તે સૌ ભરપૂર ભરેલ છે.
કોઈથી તે ન દેખાતો સૌને તેમ છતાં જુએ,
એવો તો એકલો માત્ર નૌતમ શો हरि જ છે !

हरिને સૌ વહાલા છે, જુદાં કોઈ हरिથી ના,
છતાં જે તે બધાં કેવાં અળગાં हरिથી જુદાં !
આપે જે हरिને, તેનું હરિ બાકી ન રાખશે,
हरि તેને સવાયું દે કોઈ ને કોઈ શી રીતે !

કરેલું વહાલ હૈયાથી हरिને ખૂબ પ્રેમથી,
બદલો વહાલનો એવા આપી દેતો જ श्रीहरि.
પોતાનો ભક્ત ને પોતે જુદા જુદા કદી ન છે,
એકબીજા વિશે કેવા તે પરસ્પર एक છે !

- શ્રીમોટા

# શ્રીહરિ પદે ભાવગૂંજન

(અનુષ્ટુપ)

જિંદગી આપવામાં શી જેણે માની કૃતાર્થતા,
અંજલિ આ ધરું પ્રેમે તેવા આચાર્યપાદમાં.

(વસંતતિલકા)

ઉત્સાહથી હૃદયનું જળ સીંચી જેણે,
આ ઉર પુષ્પ ખીલવ્યું નિજ પ્રેમ ભાવે,
તેને ધરું ઉમળકે ચરણારવિંદે,
તે પુષ્પ વાસ સહુ ભેટ સ્વીકારી લેજે.

કોટિ પ્રણામ તુજને મુજ રાંકના છે;
ને બીજું કશું મુજ કને નવ અર્પવાને,
આશિષ ઊંડી ઉરની મુજને દઈ તું,
વર્ષાવી પ્રેમજળ આ દિલ ઠારજે તું.

'તુજ ચરણે'માંથી — શ્રીમોટા

(શાર્દુલવિક્રીડિત)

તું મારું મન મંત્રમુગ્ધ કરજે, તાબે રહે જેથી તે
ક્યાંયે ના ચસકી શકે પણ જરી ને ઠામ મેળે રહે;
માગ્યામાં ઉર એટલું તુજ કને માગું પ્રભુ ! એક હું,
એ દે, તો મુજ રંક ભાગ્ય ફળશે, દેખું રૂડો દી પ્રભુ !

તારું મંગળ નામ હું હૃદયથી ભૂલીશ કેમેય ના,
છો ને પ્રાણ જતા, છતાં પણ કદી હું ટેક મૂકીશ ના;
જારી યત્ન રખાવતો હૃદયથી છે હાથ મારે પ્રભુ !
મારો યજ્ઞ કરાવતો ન તપનો તું ભંગ કો દી પ્રભુ !
'જીવનદર્શન'માંથી - શ્રીમોટા

(શિખરિણી)

પ્રભો સંસારેથી મુજ મન અનાસક્ત બનજો,
અને પાદાંબુજે તુજ સતત, આસક્ત કરજો,
વળી ધ્યેયથી કૈં મુજ થકી ડગાજો નવ જરી,
સદાયે તારામાં મનન થતું રે'જો હૃદયથી.

જુવાની દીવાની તુજ વહી જશે શી પલકમાં !
કરી લેવાનું હો, ઝટ તું કરી લે આ સમયમાં;
પછીથી કો જાણે તુજ હૃદય ઉત્સાહ રહેશે !
કરી લે આજે તું ભરતી તુજમાં જ્યાં ઉભરી છે.

'જગે જીતી પ્રેમે વશ કરી શકું ક્રોધ મુજ હું',
'બુરાઈને જીતું પ્રભુ ! મુજ ભલાઈથી જગ હું',
'જૂઠું સત્યે જીતું, જીતું કૃપણ દાનેથી પ્રભુ ! હું'.
હૃદે એવું ઊંડું બળ પ્રભુ ! મને દે વિનવું હું.

પ્રભો ! સાષ્ટાંગે હું પ્રણિપત કરું છું નિત તને,
વળી કોટી કોટી, નમન કરતો હું તુજ પદે;

હજારો, લાખો, હું પ્રભુ ! ઉર પ્રણામો કરું તને,
સ્વીકારી લેજે તું હૃદયથી દઉં અંજલિ તને.

વહી જાજો તારા સ્મરણ મહીં આખું જીવન આ,
બીજી કો પંચાતે મુજ થકી પડાજો કદીય ના;
સદા તું-માં રે'જો હૃદય રમતાં ચિત્ત, મન, સૌ,
પડી પાયે માગું પ્રભુ ! તુજ કને એટલી કૃપા.

પ્રભુ ! તારા પ્રેમે રસબસ કરી દે તું મુજને,
પૂરા રંગે તારે હૃદય, મન તું રંગી મુજ દે;
ચઢ્યો રે' હંમેશાં પ્રભો ! તુજ નશો સૌ રગરગે,
અને મસ્તી તારી વળી તુજ ખુમારી હૃદય દે.

ગમે તેવો છું હું તુજ ચરણનો દાસ પણ હું,
અરે ! એ દાવાનું મુજ મુખથી શું યોગ્ય વદવું !
કદી તેવું બોલું મૂરખ મુજ તે વ્યર્થ બકવું !
હું તારા દાસોના પદની રજનીયે રજ ન છું.

ઊભો રે'જે માંડી મીટ, સતત શ્રદ્ધા ધરી હૃદે,
અજાણી ઓચિંતી કદીક તુજ તે આશ ફળશે;
રખે જોજે ! રે'તો જરીય પણ બે-સાવધ મને,
ન જાણે કો વેળા પ્રભુ તણી કૃપા-નોબત થશે.

ભલે વિઘ્નો આવે, ઊતરી પડતા પા'ડ શિર છો,
અને અગ્નિજ્વાળા ફરી વળતી ચોપાસ મુજ છો;

ગમે તેવું થાઓ મુજ, પણ હઠો તું પરથી ના
પ્રભો ! શ્રદ્ધા મારી, કંઈ જ બસ માગું અવર ના.

હૃદે ઊંડો ઊંડો પ્રણય પ્રગટાવી હું તુજને,
કરી એવો મારો લઈશ, છટકી કૈં નવ શકે;
તુમાખી તું તારી ચલવી પછી જોજે મુજ પરે,
તને થૈ થૈ કેવો નચવીશ તુંયે તે સમજશે.

પ્રભો ! પક્ષી કેવાં સતત ઉર આનંદ લૂંટતાં !
વળી રાખે ચિંતા જરીય પણ તે કાલ તણી ના;
અને શું તેઓનું જીવન બહુ નિર્દોષ પ્રભુ જો !
સદા તેવું મારું જીવન વહજો, નિર્મળ થજો.

સુગંધી ફૂલો જે નિજ જીવન અર્પી ચરણ દે,
સુવાસે પોતાના સુરભિમય તે સર્વ બનવે,
છતાં કર્મે એને જરૂર રગદોળાઈ મરવું,
મને દે તેઓનું જીવન જીવવા હોંશ મનનું.

હરિઃ ૐ

- આર્તપોકાર આવૃત્તિ -શ્રીમોટા

# ભાવ-ભક્તિ

## (અનુષ્ટુપ)

हरि ना કલ્પના માત્ર, हरि માત્ર ન ધારણા,
સ્વયંભૂ हरि પ્રત્યક્ષ, हरि માત્ર ન ભાવના;
શો નિરાકાર સાકાર हरि છે જ્ઞાની ભક્તને !
જીવન સર્વ તેવાનું શ્રીहरिમય નિત્ય છે.

અનંતાનંત બ્રહ્માંડ हरि વ્યાપ્ત અનંત છે,
हरि વિનાનું અસ્તિત્વ કોઈનુંયે ન ક્યાંય છે;
સર્વત્ર પ્રસરેલો છે, છતાં આશ્ચર્ય કેવું કે
-ક્યાંય તે નવ વર્તાયે ! ના અસ્તિત્વ જણાય છે.

એકાગ્રતા નરી જેમાં, ના સંકલ્પ વિકલ્પ છે,
નીરવતા ભરી લાગે ભાવ એનો પ્રમાણજે,
ભાવમાં જ્ઞાનનો ભાગ, ભાવમાં શક્તિ પૂર્ણ છે,
જન્મે છે ભાવથી કર્મ ભાવ એવો ત્રિવેણી છે.

ભાવને કોઈ ભાષા ના, ભાવને કોઈ વાણી ના,
વિચાર ભાવમાં કૈં ના, ભાવને વર્ણવાય ના;
શો અનુભવમાં ભાવ ! ભાવ-અમૃત-અંજન,
એવો તે ભાવ અંતે તો શો ભાવાતીત થાય છે !

ભાવે ઉપાસના જ્યારે हरिની દિલ થાય છે,
ભાવ એકાગ્ર કેન્દ્રિત તેમાં જ્યાં દિલ થાય છે;

શક્તિ સિદ્ધિપ્રદા ત્યારે મેળે બનતી હોય છે,
હરિના નામનો મંત્ર એવો શો શક્તિશાળી છે !

સ્મરંતા સ્મરંતા ભાવે હરિને દિલમાં ઊંડા,
સ્મરણમાં પછી કેવો ભાવ ફૂટ્યાં કરે તદા !
ભાવથી ભક્તિની ધારા જીવનમાં કરે વહ્યાં,
ભક્તિથી લાગતું મીઠું જીવવાનું પરે ધરા.

જેને હરિની માયા છે, જેને સંસાર સર્વ જે
-હરિનો છે પૂરેપૂરો; સંસારમાં જીવે, રમે;
હરિનાં ભક્તિ-જ્ઞાને ને હરિના રસથી જીવે,
એવાને હરિ સંપૂર્ણ નિજનો ગણતો હૃદે.

હરિની સભાનતા વિના કશું કૈં પણ થાય ના,
એવો જે ભક્ત-જ્ઞાની છે, ક્ષેમ-કલ્યાણ તેનું ત્યાં,
ભક્તિ એકલી માત્ર સંસારે તારનારી છે,
'હરિ-સ્મૃતિ થતાં કર્મે ટકે જીવતી', ભક્તિ તે;

જીવ-ભાવ ન ભક્તિમાં, ભક્તિમાં ભાવ મુખ્ય છે,
નિરંતરતણા ભાવે પ્રકૃતિનો ન અંશ છે.
ચિંત્વને નામના ગુણે ગુણ-વિકાસ થાય છે,
નામ-સ્મરણથી માત્ર એકાગ્રતા સધાય છે;

ઊગે જે ભાવ એમાંથી શક્તિ-લાભ મળ્યાં કરે,
એ કેવો એમાંથી જોડાય પૂર્વાનુબંધ અંતરે !

જે આત્યંતિક છે પ્રેમ શ્રદ્ધાનું પરિણામ, કે
સ્મરણ માત્રથી એને આશરો શો મળી રહે !

ઉત્તમ મળ્યું હો કર્મ મોહીને કરવું ન તે,
પ્રભુ-પ્રીત્યર્થ ધારીને સ્મરંતાં કરવું જ તે;
પ્રસન્ન કરવા કર્મ કૃપાથી તે મળેલ છે,
રીઝે જે રીત श्री પોતે; તેમ આચરવું ઘટે.

हरिમાં લક્ષ સંપૂર્ણ ધરી પૂરેપૂરું હૃદે,
हरिને ભજીને સેવે પ્રેમ-ભક્તિથી અંતરે;
हरि વિના ન ચાલે છે, જેનાથી ના જિવાય છે,
એવા કો દોહ્યલા ભક્ત हरिના લાડલા જ છે.

થયા વિના પૂરેપૂરું ખુવાર સર્વ રીતથી,
થવાય યોગ્ય ના પાત્ર જીવને સાચી ભક્તિથી.
हरिમાં રમવું જેનો સંપૂર્ણ શો વિલાસ છે !
हरि શો માત્ર આધાર જેનો સંસારમાં જ છે !

ચિંતા ફિકર, જેનાં સૌ श्रीहरि વ્હોરી લે શિરે,
એવા તે ભક્તને મારા લાખો કોટિ પ્રણામ છે.
हरिના ભાવમાં નિત્ય-નિત્ય જીવવું પ્રેમથી,
એના જેવું બીજું સુખ ક્યાંય બ્રહ્માંડમાં નથી.

જેની આરાધના ભક્તિપૂર્વકની પ્રભુની છે,
એકાકાર થતાં તેમાં પૂર્ણ તલ્લીન થાય છે;

ત્યારે સ્વભાવ ને જૂની પ્રકૃતિ બદલાય છે,
શી ત્યારે ભાવના સ્નિગ્ધ રમંતી છે નિરંતરે !

પાક્યા વિના હરિ-ભક્તિ નવા પ્રાણ ફૂટે નહીં,
પ્રકૃતિનો બધો રંગ ઊતરી તે શકે નહીં;
કાળના કાળનો કાળ સાક્ષાત શ્રીહરિ જ શો !
તેનો હાથ જ ઝાલ્યાથી વિટમણા કશી ન છે;

વિટમણા છતાં હોવા જેવું વિટમણા કશું-
-લાગતું ના, ખૂબી એ તો ભજનના લલકારની.
હરિના નામનું ભાવે જ્યારે રટણ થાય છે,
નિરંતરનું થતાં કેવું જીવન પલટાય છે !

પ્હો વ્યોમે જેમ ફાટે છે, આભા પ્રકાશની ઝગે,
અનુભવ થતાં પૂરો પહેલાં તેવું થાય છે.
ચરણામૃતનું પાન નિત્ય નિત્ય કર્યા કરી
અમર થૈ જવાનું તો રાખ્યું છે દિલમાં ચહીં.

રસના ઘૂંટડા પીતાં આનંદ શો અપાર છે !
કલ્પનાની ન આ વાત, લખ્યું અનુભવી જ મેં,
તારા જે જે થયેલા છે, છોડ્યા તેને કદી ન છે,
ભરોસો પૂર્ણ એવો તે મારે હૈયે વસેલ છે.

હરિના ભાવનો સ્પર્શ જ્યારે કૃપાથી જ્યાં થયો,
ત્યારે તો માત્ર શો ભાવ જ્યાં ત્યાં પ્રસરી તે રહ્યો !

અમે શા ભક્તિથી ઘેલા हरिના પદના છીએ !
'हरिના પદનું નિત્ય ચિંત્વન' વ્યવસાય છે,
રચેલા ને પચેલા શા हरिમાં જીવતા અમે !
અમારા જીવને ધંધો हरिના નામનો જ છે.

મદદે જ્યાં हरि પોતે, हरि જ્યાં ગુરુ આપણો,
દોરાવે તેમ દોરાવા જ્ઞાન ને ભક્તિભાવથી;
શક્તિ કેળવાઈ છે કૃપા ને પુરુષાર્થથી,
ખૂંપાતાં हरिના પંથે મનાદિમાં શી મસ્તી છે !

વગાડી ઢોલથી જોરે જગત-લોકને કથું,
મૃત્યુ ટાણે તમો પાદે સંદેશો મૂકતો જઉં;
શો કેટકેટલો લાભ સ્મરણથી મળી શકે !
જાતે અનુભવી ઊંડા સાદે પોકારું લોકને.

સંભારવાનું તો एने હવે દિલ રહ્યું ન છે,
સ્વભાવ સહજે વર્તે એવો બની ગયેલ છે;
છે શ્વાસોચ્છ્‌વાસ પ્રેરે તે સહજ સ્મરવું થતું,
કૃપાની શક્તિની એ તો પ્રત્યક્ષ બલિહારી શી !

'જેવો તેવો ભલે છો હું છતાં તારો હું દાસ છું,
સંસારે તું નિભાવી લે', એટલી પ્રાર્થના કરું;
દાસાનુદાસથીયે શો નાચીજ, છું બધી રીતે,
સંભાળનારો શો માત્ર મારું श्रीहरि एक છે.

'ભાવહર્ષા', 'ભાવકણિકા', 'ભાવજ્યોતિ'માંથી -શ્રીમોટા

# સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ. સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું- બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબ ખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. आग्रहो- પ્રભુચિંતવન સિવાયના સર્વ આગ્રહો-છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો. ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો. તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો, ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો. જરાયે કચવાટ વિના તે ખૂબ પ્રેમપૂર્વક કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ

આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ. માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી જોઈને જાતને સંડોવાવા દો નહિ.

૯. पर (પારકાની) સેવા પ્રભુની સેવા સમજો. સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો. તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો. તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિની અવતરણ-ભાવની પ્રાર્થના કરવી. શૌચ, પેશાબ આદિની ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મ તત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો. ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. 'आत्मवत् सर्वभूतेषु'ની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ. કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ના રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું

મૂળ પોતામાં જ છે એમ દઢાવો. ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો. સદાય પ્રસન્નતા પ્રવર્તાવો. કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો. પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો. મન નિઃસ્પંદ કરો. રાગદ્વેષ નિર્મૂળ કરવા જાગૃતિ રાખો. થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતાં કરો. ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય. યદેચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંયે કોઈની સરખામણી ના કરો. અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે. જીવનસાધના સારું સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે. પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતવન રહ્યાં કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો.

-શ્રીમોટા

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાનો છેલ્લો પત્ર

જે કોઈને આ અંગે લાગેવળગે છે તેઓ જોગ –

હું, ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા', રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ. આથી જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઇચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણના કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું તે ઉત્તમ છે, અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.


મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગ્યાએ મૃત્યુસ્થળની તદ્દન નજીકમાં કરવો. અને તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો. ઘણા ભેગા કરવાં નહીં, તેમ મારા સેવકોને હું ફરમાવું છું.

મારા અસ્થિને પણ નદીમાં પૂરેપૂરા પધરાવી દેવાં.

મારા નામનું ઇંટ-ચૂનાનું કોઈ સ્મારક કરવું નહીં.'

મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણા ભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.

તા. ૧૯-૭-૭૬ — ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા




**જેમણે જેમણે મને મદદ કરી છે, મારું કામ કર્યું છે, તેમનો આભાર માનું છું. ભગવાન તેમનું યશ-કલ્યાણ કરો.**

**તા. ૨૨-૦૭-૧૯૭૬** — **મોટા**

•

**ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે, માણસ જેવા થઈ આપણા આગળ થઈને જે તે આપણું ઉકેલી આપે છે.**

**તા. ૨૨-૦૭-૧૯૭૬** — **મોટા**

મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ., અમદાવાદ-૩૮૦૦૨૨